Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૪૬
તા.૨૩-૦૩-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૨ સૂર્યાસ્ત : ૦૬:૫૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૪.૫ | વડોદરા | ૩૪.૪ |
| અમદાવાદ | ૩૩.૮ | સુરત | ૩૩.૪ |
| ગાંધીનગર | ૩૪.૦ | નલિયા | ૩૧.૪ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આજે રાજ્યસભાની ૫૯ બેઠકો માટે મતદાન

## ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ચૂંટણી સૌથી રોચક અને પડકારરુપ : ઉત્તરપ્રદેશની કુલ ૧૦ સીટો પૈકીની આઠ સીટો ઉપર ભાજપ અને એક સીટ પર સમાજવાદી પાર્ટીની જીત નક્કી

લખનૌ

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રાજ્યસભાની ૫૯ સીટ માટે આવતીકાલે ૨૩મી માર્ચના દિવસે યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. ભાજપ અને અન્ય રાજકીય પક્ષોની પ્રતિષ્ઠા દાવ પર છે. આ ચૂંટણીને લઈને રાજકીય પારો ફરી ઉપર પહોંચી ગયો છે. રાજ્ય સભાની યોજાઇ રહેલી ચૂંટણીમાં સૌથી રોમાંચક ટક્કર ઉત્તરપ્રદેશમાં જોવા મળનાર છે. ઉત્તરપ્રદેશમાંથી આ વખતે કુલ ૧૦ ઉમેદવારો રાજ્યસભામાં પહોંચનાર છે. આમાંતી આઠ સીટ પર ભાજપની અને એક સીટ પર સમાજવાદી પાર્ટીની જીત નક્કી છે. જો કે ઉત્તરપ્રદેશમાં ૧૦મી સીટને લઈને સૌથી વધારે સસ્પેન્સની સ્થિતી છે. હકીકતમાં આ સીટ પર ભાજપના ઉમેદવાર અનિલ અગ્રવાલ અને બહુજન સમાજવાદી પાર્ટીના ભીમરાવ આંબેડકર વચ્ચે સીધી સ્પર્ધા છે. લોકસભા ચૂંટણીમાં બે બેઠકો ગુમાવી ચુકેલી ભાજપ માટે ખુબ સાવધાની રાખવાનો સમય છે. ભાજપ આ સીટને જીતવા માટે ઉત્સુક છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટી-બહુજન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે તમામ તાકાત ભાજપને પરાજિત કરવા પર કેન્દ્રિત કરી દીધી છે. એક એક ધારાસભ્ય પર નજર રાખવામાં આવી રહી છે. સંખ્યાબળ મેળવી લેવા માટે સમાજવાદી પાર્ટી અને ભાજપ દ્વારા ડિનર અને જોડતોડની રાજનીતિ પહેલા જ રમાઇ ચુકી છે. ૧૦મી સીટ માટે ચૂંટણી જોરદાર છે. જો નરેશ અગ્રવાલ ભાજપમાં સામેલ થયા ન હોત તો સ્થિતી એટલી બગડી ન હોત. ઉત્તરપ્રદેશમાં રાજયસભા ચૂંટણી ગણતરી મુજબ એક ઉમેદવારની જીત માટે ૩૭ ધારાસભ્યોના ટેકાની જરૂર છે. ભાજપની પાસે ૩૧૧ અને સાથીઓ અપના દળ પાસે નવ, સુભા સભા પાસે ૪ મળીને એનડીએ પાસે કુલ ૩૨૪ ધારાસભ્યો છે. જયારે સમાજવાદી પાર્ટીની પાસે ૪૭, બહુજન સમાજવાદી પાર્ટીની પાસે ૧૯, કોંગ્રેસની પાસે સાત, આરએલડી પાસે એક અને નિષાદની પાસે ત્રણ તેમજ અપક્ષ ત્રણ ધારાસભ્યો છે. અખિલેશની ડિનર પાર્ટીમાં રાજા ભૈયા પહોંચી જવાથી બસપાને આશા દેખાઈ રહી છે.

### તમામ પ્રધાનોને ચોક્કસ હાજર રહેવા સુચના

## નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે ભાજપની મહત્વની બેઠક થશે

નવી દિલ્હી

ઉત્તરપ્રદેશમાં ગોરખપુર અને ફુલપુર લોકસભાની પેટાચૂંટણીમાં કારમી હાર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવતીકાલે શુક્રવારે ભાજપ ની બેઠક બોલાવી છે. આ બેઠક પર તમામ પક્ષોની નજર રહેનાર છે. કારણ કે આ બેઠકમાં એકબાજુ પેટાચૂંટણી માં થયેલી કારમી હારના પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. સાથે સાથે આગામી ચૂંટણી વધારે આક્રમક રીતે લડવાના તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ પોતે આ બેઠકનુ નેતૃત્વ કરનાર છે. ભાજપના તમામ નેતાઓને આ બેઠકમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યુ છે. મિશન ૨૦૧૯ને લઈને આ બેઠક હોવાનુ જાણવા મળ્યુ છે. પ્રાપ્ત માહિતી મુજબ દીયદયાલ ઉપાધ્યાય માર્ગ સ્થિત નવી ઓફિસમાં આ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં તમામ પ્રધાનોને હાજર રહેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. મોદી પોતે આ બેઠકનુ નેતૃત્વ કરનાર છે. આ ગાળા દરમિયાન તેઓ પ્રધાનોને લોકોની વચ્ચે જઈને કામ કરવા અને સરકારની યોજના અંગે માહિતી આપવા તમામ પ્રધાનોને સુચના આપી શકે છે.

### વિચાર વૈભવ...

'પ્રભુ, એક પ્રશ્ન છે'
'બોલ'
'તમારા જગતમાં એક કરોડ રૂપિયા બરાબર કેટલા પૈસા ગણાય?'
'એક પૈસો!'
'મને એક પૈસો આપશો?'
'એક સમય રાહ જો'
એક કલાક વીતી ગયા પછી ય પ્રભુ તરફથી કશું ન મળ્યું ત્યારે ભક્ત અકળાયો.
'પ્રભુ, એક કલાક વીતી ગયો'
'દોસ્ત, અમારા જગતમાં એક સમય બરાબર એક કરોડ વરસ ગણાય છે'

*****

પેટનો ગમે તેટલો પણ મોટો ખાડો ભોજનનાં દ્રવ્યોથી પૂરો કરી શકાય છે, જમીનનો મોટામાં મોટો પણ ખાડો માટીથી પૂરી શકાય છે, પણ મનમાં પડતો લોભનો ખાડો અબજોની સંપત્તિ પછી પણ, અમાપ સત્તા પછી પણ, કરોડોના ઝવેરાત પછી પણ પૂરી શકાતો નથી. હા, એ ખાડાને પૂરવાનો એક જ ઉપાય છે, એને અધૂરો છોડી દો. એની મનમાં નોંધ લેવાનું બંધ કરી દો. એને પૂરવાના પ્રયાસો છોડી દો. આપોઆપ એ પુરાઈ જશે. મગજમાં ન બેસે એવું આ ગણિત છે. લોભના ખાડાને જે પૂરવા ગયો એ પતી ગયો. લોભના ખાડાને જેણે અધૂરો છોડી દીધો, એ પરમાત્મા બની ગયો.

- શ્રીમદ્ વિજયરત્નસુંદરસુરીશ્વરજી મહારાજ

### સાત દિવસમાં ચર્ચા થશે તો, ઈતિહાસ રચાશે

## વિધાનસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ

### વિધાનસભા ઈતિહાસમાં હજુસુધીમાં ગૃહના અધ્યક્ષ સામે ૧૭ વખત અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ ચુકી : રિપોર્ટ

અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં આજે ગૃહના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સામે વિપક્ષ કોંગ્રેસ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી, જેને ૪૦ જેટલા ધારાસભ્યોએ પૂરો ટેકો જાહેર કર્યો હતો. વિધાનસભાના નિયમ-૧૦૩ મુજબ, નોટિસ અપાયાના ૧૪ દિવસ બાદના સાત દિવસમાં અવિશ્વાસ પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરવી પડે અને અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયાના એક સપ્તાહમાં તેની પર ચર્ચા વિધાનસભા ગૃહમાં હાથ ધરાય. બીજીબાજુ, અવિશ્વાસના પ્રસ્તાવ પર ચર્ચા હાથ ના ધરાય તે માટે શાસક પક્ષ ભાજપ દ્વારા બંને પક્ષે બેઠકો અને મંત્રણાનો દોર આરંભાયો છે. વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા અવિશ્વાસના પ્રસ્તાવ પર જો આગામી સાત દિવસમાં ચર્ચા હાથ ધરાય તો તે એક ઈતિહાસ બનશે. કારણ કે, વિધાનસભાના ઈતિહાસમાં અત્યાર સુધી કુલ ૧૭ વખત વિધાનસભા ગૃહમાં અધ્યક્ષ વિરૂધ્ધ પ્રસ્તાવ રજૂ થઈ ચૂકયા છે પરંતુ હજુ સુધી એક પણ વખત આવી અવિશ્વાસની દરખાસ્ત કે પ્રસ્તાવ પર ચર્ચા હાથ ધરી શકાઈ નથી અને તેથી જ શાસક પક્ષ ભાજપ પણ વિપક્ષની અવિશ્વાસના પ્રસ્તાવ પર ચર્ચા હાથ ના ધરાય તેવું ઈચ્છી રહી છે, તો બીજીબાજુ, વિપક્ષ કોંગ્રેસ તેના ત્રણ ધારાસભ્યોને ગૃહમાંથી ત્રણ વર્ષ અને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે, તેમાં સસ્પેન્શનનો સમય ઓછો કરવા અથવા તો રદ કરવા સુધીની માંગણી ઉચ્ચારી રહ્યું છે.

## શક્તિશાળી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસનું પરીક્ષણ

નવીદિલ્હી

ભારતે આજે વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું સફળ પરીક્ષણ કર્યું હતું. સવારે ૮.૪૨ વાગે રાજસ્થાનના પોખરણમાં પિન-પોઈન્ટ એક્યુરેસી સાથે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પોખરણ ટેસ્ટ રેંજથી પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શક્તિશાળી સુપર સોનિક ક્રુઝ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકો અને અધિકારીઓ આશાવાદી દેખાયા હતા. સંરક્ષણમંત્રી નિર્મલા સીતા રામને સફળ પરીક્ષણ બદલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનને અભિનંદન આપ્યા હતા. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં અગાઉ આનુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું તે વખતે ઈન્ડિયન એરફોર્સના ફ્રન્ટ લાઈન સુખોઈ-૩૦ યુદ્ધવિમાનથી આનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. માક ૨.૮ના અવાજ કરતા ત્રણ ગણી વધુ ઝડપ તેની રહેલી છે. મેક ઈન ઈન્ડિયાની મોટી સિદ્ધિરુપે આને ગણવામાં આવે છે.

### સાર સમાચાર...

#### મોદી કેરને કેબિનેટની મંજુરી : ઓક્ટો.થી શરૂ

નવીદિલ્હી

કેન્દ્રીય કેબિનેટે એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને બુધવારના દિવસે સરકારની મહત્વકાંક્ષી મોદી કેર હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમને લીલીઝંડી આપી દીધી હતી. હેલ્થકેરમાં દેશના ૧૧ કરોડ ગરીબ પરિવારોને આવરી લેવામાં આવશે. આ એક પોર્ટેબલ સ્કીમ તરીકે રહેશે. જેનો લાભ ભારતમાં કોઈપણ જગ્યાએ ઉઠાવી શકાશે. ફેમિલીના કદ ઉપર કોઈ મર્યાદા લાગૂ કરવામાં આવી નથી. વય ઉપર પણ કોઈ મર્યાદા લાગૂ કરાઈ નથી. પેમેન્ટ પેકેજ રેટ ઉપર આધારિત રહેશે.

## ડીસા બજાર સમિતિની ચૂંટણીને લઈ તાલુકાના ખેડૂતીયા રાજકારણમાં ગરમાવો

### આજે ફોર્મ પરત ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

ડીસા

બનાસકાંઠા જીલ્લાના સરકારી ક્ષેત્રમાં મહત્વનું સ્થાન ધરાવતી ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સંચાલક મંડળની ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યું ત્યારથી તાલુકાના ખેડૂતીયા રાજકારણમાં ગરમાવો છવાયો છે. ડીસા ખેતીવાડી બજાર સમિતી રાજ્યની ૧ થી ૫ નંબર પૈકીની કૃષિ બજાર સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. ત્યારે તેના આધિપત્યને લઈ તાલુકાના સહકારી અગ્રણીઓએ દોડધામ મચાવી છે. સત્તાધારી ભાજપના અગ્રણીઓમાં પણ ફાટફુટ પડી છે, અને ચૂંટણીમાં બે પેનલો બને તેવી સંભાવનાઓ જોવાઈ રહી છે. સામાપક્ષે કોંગ્રેસે પણ બજાર સમિતિમાં પગ પેસારો કરવા માટે પ્રયત્નો તેજ કરી દીધા છે. અગાઉ ડીસાના માજી ધારાસભ્ય અને કોંગ્રેસ અગ્રણી ગોવાભાઈએ સતત ત્રણ ટર્મ સુધી માર્કેટ સમિતિનું શુકાન સંભાળ્યું હતું. ત્યારબાદ ભાજપામાં જોડાઈને માવજી ભાઈ દેસાઈએ બજાર સમિતિની સત્તાની બાગડોર સંભાળી હતી. છેલ્લી વિધાન સભાની ચૂંટણીમાં ઘણાબધા જાતિગત, સહકારી અને રાજકીય સમીકરણોએ નવા વળાંકો લેતાં ડીસા બજાર સમિતિની આ ચૂંટણી ભારે ચર્ચાસ્પદ બની છે.

અનુસંધાન પાના નં.૬

#### વિધાનસભા ચૂંટણીના પરિણામો માર્કેટયાર્ડના સંચાલક મંડળની ચૂંટણી પર અસરકારક સાબિત થશે

ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસની પેનલના પ્રખર દાવેદારો પોત પોતાના મત વિસ્તારમાંથી ચૂંટણી હારેલા છે. ત્યારે આવનારા દિવસોમાં માર્કેટયાર્ડની સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા ઉપર આ પરિણામોની સ્પષ્ટ અસર વર્તાય તેવું દેખાઈ રહ્યું છે, ત્યારે બંન્ને આગેવારો સહકારી સંસ્થા ઉપર પોતાનું પ્રભુત્વ સાબિત કરવા માટે મરણીયા પ્રયાસો કરી રહ્યા છે.

## થરાદના ખાનપુરથી રડકા ગામ વચ્ચે નર્મદા નહેર પરના ૪૪૫ કનેક્શનો કાપ્યાં

### નર્મદા વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બીજે દિવસે પણ કામગીરી હાથ ધરાઈ


વિષ્ણુ દવે

થરાદ

નર્મદા વિભાગ દ્વારા ચૂસ્ત પોલીસ તથા એસઆરપી બંદોબસ્ત વચ્ચે બુધવારે થરાદના ખાનપુર થી વાવના દેવપુરા વચ્ચે નર્મદાની મુખ્ય લાઈન પર ખેડૂતોએ ગોઠવેલા ઓઈલ એન્જીનના (હસ્તાં) પાઈપોને કુહાડીના ઝાટકા વડે એક ઘા અને બે કટકા કરવામાં આવ્યા હતા. જે કામગીરી ગુરુવારે પણ યથાવત રહી હતી. જેમાં થરાદ તાલુકાના ખાનપુર ગામની સીમમાંથી રાજસ્થાનની સરહદે આવેલા તાલુકાના રડકા ગામની વચ્ચે આવતા અનેક ગામોના ખેડૂતોની પાઈપલાઈનના પણ એ જ હાલ કરવામાં આવ્યા હતા. આથી લાચાર તથા મજબૂર ખેડૂતોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી હતી. નર્મદા વિભાગના અધિકારી ઓએ ૪૪૫ કનેક્શનો કાપવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. જ્યારે અનેક ખેડૂતોએ રોષ અને આક્રોશ પ્રગટ કરતાં જણાવ્યું હતું કે ગત વર્ષે આવેલા પૂરમાં ઘાસચારો નાશ પામ્યો હતો.અત્યારે નર્મદાના પાણીનો ઉપયોગ કરીને પશુઓનો જીવનનિર્વાહ થાય તે માટે મોટાભાગના ખેડૂતો ઘાસચારાનું વાવેતર

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

### છાપી રેલવે નજીક ની ઘટના

## બાદ્રા-જયપુર ટ્રેનમાં મુસાફરોને મારમારી લૂંટ

### રોકડ રકમ અને મોબાઈલ ફોનની લૂંટ કરનારા ચાર શખ્સોને રેલવે પોલીસે ઝડપી લીધા

પ્રતિનિધિ છાપી

પાલનપુર નજીક છાપી રેલવે સ્ટેશને ગુરૂવારે સવારે જનરલ કોચમાં મુસાફરી કરી રહેલા ત્રણ વ્યકિતઓને ચાર શખ્સોએ ડરાવી- ધમકાવી લૂંટી લીધા હતા. ભોગ બનેલા મુસાફરોએ આ અંગે તુરંત પાલનપુર રેલવે પોલીસ મથકે જાણ કરતાં હરકતમાં આવેલી પોલીસે ટ્રેનમાંથી જ ચાર લુંટારૂઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પાલનપુર- અમદાવાદ રેલવે ટ્રેક ઉપર છાપી રેલવે સ્ટેશન નજીક બનેલી લૂંટની ઘટનાની વિગતો એવી છે કે, રાજસ્થાનના જાલોરના મુસાફરો મુંબઈથી અરાવલી એક્ષપ્રેસમાં તેમના વતન જઈ રહ્યા હતા. જેઓ જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. તે દરમિયાન આજ કોચમાં મુસાફરી કરી રહેલા અસામાજીક તત્વોએ પાકીટ ખોવાયું હોવાનું બહાનુ કાઢી મુસાફરોના ખીસ્સા તેમજ સર સામાન ચેક કરવાના બ્હાને રૂપિયા ૧૦,૧૨૦ તેમજ મોબાઈલ ફોનની લૂંટ કરી હતી. આ ઘટનાથી ગભરાઈ ગયેલા મુસાફરોએ તાત્કાલિક પાલનપુર રેલવે પોલીસને જાણ કરતાં આરપીએફ પીઆઈ નિહાલસિંહ તેમજ ઈન્ચાર્જ પીએસઆઈ ટી. સી. એન. એચ. ચાવડાએ તુરંત કાર્યવાહી કરી ટ્રેનના ડબ્બામાંથી જ લૂંટ કરનારા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમની સામે ગૂનો નોંધી કાયેદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**લૂંટ કરનારા શખ્સો:** મોઈન સલીમ કુરેશી, મોહંમદ રહીલ મોહંમદ રહીશ શેખ પુષ્પક મનોહર, હર્ષદ બબલુ શેખ (તમામ રહે. મુંબઈ)


સુરેશ અગ્રવાલ

### લૂંટનો ભોગ બનનાર મુસાફરો

ગોવિંદરામ પ્રતાપજી પ્રજાપતિ ઉ.વ૫૧ (રહે. જાલોર)
ભગવતસિંહ રૂપસિંહ રાજપૂત ઉ.વ. ૩૬ (રહે.ચાંદરડા જાલોર)
નરસારામ ખીમારામ સરેગરા ઉ.વ. ૨૩ (રહે.મેડાતપુર જાલોર)

### પ્રતિકાર કરતાં મુસાફરને ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો

જનરલ ડબ્બામાં મહિલાઓ પણ મુસાફરી કરી રહી હતી. જ્યાં લૂંટારૂઓએ તેમના સર સામાનની તપાસ કરતાં સાથે રહેલા મુસાફરે લુંટારૂઓનો પ્રતિકાર કર્યો હતો. આથી ઉશકેરાયેલા ચારેય શખ્સોએ આ મુસાફરને ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો હતો. જેને હાથના ભાગે ઈજાઓ થવા પામી હોવાનું ગોવિંદરામ પ્રજાપતિએ જણાવ્યું હતુ.



સૂર્યોદય - ૬.૪૨ સૂર્યાસ્ત - ૬.૫૧

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૬ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ : છઠ્ઠ શુક્રવાર નક્ષત્ર:રોહીણી સાંજે ૩.૪૨ પછી મૃગશીર્ષ યોગ :પ્રિતી કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) રાત્રે ૨૮.૨૦ પછી મીથુન (ક.છ.ઘ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### અકુલે પતિતો રાજા મૂર્ખપુત્રો હિ પંડિતઃ નિર્ધનસ્ય ધનપ્રાપ્તિ સ્તૃણવન્મન્યતે જગત્

'હલકા- નીચ કુળમાંથી આવેલો રાજા, મૂર્ખનો પુત્ર હોવા છતાં જે વિદ્યા ભણીને થયેલો પંડિત- એટલે કે હલકું, અપાત્રે વિદ્યા પામેલો પુત્ર અને પૂર્વે નિર્ધન હોય અને અચાનક (લોટરી કે કૌભાંડ દ્વારા) ધનની પ્રાપ્તિ થઈ જાય - આટલા લોકો અભિમાનમાં એવા બહેકી- છકી જાય છે કે આખા જગતને તુચ્છ સમજે છે.' પ્રાચીન સમયમાં ક્ષત્રિય રાજાઓ કુળવાન અને બાપ- દાદાના રાજવી સંસ્કારથી બધા પ્રકારની વિદ્યાઓ- તપ- આશ્રય શિક્ષણ- સેવા મેળવી પછી જ બધી કસોટીઓમાં પાર ઉતર્યા પછી જ રાજાને જો યોગ્ય ગણાય તો જ ગાદી સોંપતા- હવે તો, ચૂંટણીઓ દ્વાર ખટપટ અને જ્ઞાતિવાદ- લઘુમતી- અનામત કોઈ પણ બળિયા- ગુનેગાર 'રાજા' થઈ બેસી જઈ શકે! એનામાં વિનય- વિવેક આદર તો ક્યાંથી હોય?

એવું જ અભ્યાસમાં સરકારી સુવિધાઓ સ્કોલરશિપ- ટકાવારી- નિશ્ચિત બેઠકો ઉપર મેરિટ વિના પણ થયેલા ડૉક્ટર- ઈજનેરમાં પોતાના વ્યવસાયને લગતી કાબેલિયત આવે ક્યાંથી? આવા લોકોમાં પણ વિનય- વિવેક અને 'હોદ્દા'ને લગતું ચરિત્ર્ય આવે ક્યાંથી? નિર્ધન હોય, કૌભાંડ- ખાયકી- બમણા- તમણાના ગોરખધંધા કર્યા હોય એમાં 'ગર્ભશ્રીમંત' જેવું ગાંભીર્ય- ઔદાર્ય ક્યાંથી આવે?

આવા માણસો આછકલાઈમાં પોતાને શ્રેષ્ઠ અને જગતને તુચ્છ સમજે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.**

**કર્ક : (ડ.હ.) ભાગીદાર કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.**

**સિંહ : (મ.ટ.)લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.**

**તુલા : (ર.ત.) અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.**

**વૃશ્ચિક : (ન.ય.) મોઢે આવેલો કોળિયો છીનવાઇ જાય. પડવા-વાગવાથી સંભાળવું.**

**ધન : (ભ.ફ.ધ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.**

**મકર : (ખ.જ.)શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.**

**કુંભ : (ગ.શ.સ.)કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**

**મીન : (દ.ચ.જ.થ.) મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સ્વાતંત્ર્યસંગ્રામના યશસ્વી ક્રાંતિકારી વીર સરદાર ભગતસિંહની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઈ.સ.૧૯૦૭માં પંજાબમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૬માં એમણે કુંદનલાલ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને 'કોકરી ષડયંત્ર'રા-જદરબારી કેદીઓને છોડવાની યોજના કરેલી. દેશભક્તિના રંગે રંગાયેલા ભગતસિંહ માભોમની મુક્તિ માટે ભવ્ય આહુતિરૂપ હતા. તા.૨૩-૩-૧૯૩૧ના રોજ દેશકાજે એમણે શહીદી વહોરી.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૨૩.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૧૭૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૨.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૧૧૬ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૦૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૪૭ પોઈન્ટ થી ૧૦૧૬૦ પોઈન્ટ, ૧૦૧૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૧૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૨.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૧૨૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૦૨૪ પોઈન્ટના પ્રથમ અને ૨૩૯૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૨૪૦ પોઈન્ટ થી ૨૪૩૦૩ પોઈન્ટ, ૨૪૪૦૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**ઇન્ફોસિસ (૧૧૫૮) :- ટેકનોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૧૬૩ થી રૂ.૧૧૭૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૧૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લાર્સન (૧૨૯૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૮૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૦૯ થી રૂ.૧૩૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૭૫૬) :- રૂ.૧૭૩૩ નો પ્રથમ તેમજ રૂ.૧૭૧૭ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૭૩ થી રૂ.૧૭૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૯૦૮) :- રીફાઇનરી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૧૯ થી રૂ.૯૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા કેમિકલ (૬૬૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૫૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૭૭ થી રૂ.૬૮૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC લિમિટેડ (૧૮૧૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૯૭ થી રૂ.૧૭૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**છઝઝ લિમિટેડ (૧૫૪૭) :- રૂ.૧૫૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૫૩૦ થી રૂ.૧૫૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૫૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**હિન્દુસ્તાન ઝીંક (૩૦૫) :- ઝીંક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૩૧૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૨૯૬ થી રૂ.૨૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ત્નજીઉ સ્ટીલ (૨૮૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૯૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૮૨ થી રૂ.૨૭૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**GSFC લિમિટેડ (૧૨૦) :- રૂ. ૧૨૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ગેસ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૧૪ થી રૂ.૧૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૩૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!

તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચામાં જિલ્લાના આગેવાન કાર્યકર્તાઓની ગૃહમાં હાજરી

ડીસા

વિધાનસભા ગૃહમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની અનુ.જાતિ કલ્યાણ માટેની વિવિધ માંગણીઓ ઉપર વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારે ગૃહમાં જણાવેલ કે અત્યાચારના કેસો ઝડપથી ચાલે તે માટે ૧૬ જિલ્લામાં સ્પેશ્યલ કોર્ટ અને ૨૭ ડેઝીનેટેડ સ્પેશ્યલ કોર્ટ મળી કુલ ૪૩ ખાસ કોર્ટની રચના કરાઈ છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની ગણવેશ સહાયમાં વધારો કરવામાં આવેલ છે. કુંવરબાઈના મામેરા યોજનામાં પણ ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી. આમ દલિતો વંચિતો ગરીબોના વિકાસ માટે ગત વર્ષ કરતાં આ વર્ષ ૧૦૩૭ કરોડની વધુ જોગવાઈ રાજ્યની ભા.જ.પા. સરકારે કરી વિવિધ યોજનાઓ દ્વારા દલિત સમાજના ઉત્થાન માટે બજેટ સત્રમાં જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ ખુબ જ મહત્વની બજેટ અંગેની ચર્ચામાં ભાજપ તથા કોંગ્રેસના અનુ.જાતિના ધારાસભ્યોએ હાજર રહી ચર્ચામાં ભાગ લઈ અનેક અનુ.જાતિ માટેના સુચનો રજુ કરેલ હતા. ત્યારે બ.કાં. જિલ્લા વડગામમાંથી ચુંટાયેલા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી વિધાનસભા ગૃહમાં ગેરહાજર હતા.

આ પ્રસંગે બ.કાં.જિલ્લામાંથી રાજેન્દ્ર આર.ડાભી, એન.ટી.રાઠોડ, ચીમનલાલ સોલંકી, ભરતભાઈ પરમાર, પ્રવિણભાઈ સોલંકી, રમેશભાઈ જાખેસરા, અશ્વિનભાઈ સકસેના, પ્રવિણભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં ભાજપના અનુ.જાતિના કાર્યકર્તાઓએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટ ચર્ચા વખતે હાજર રહેલ.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક યોજાશે

પાલનપુર

તા.૨૮ માર્ચ-૨૦૧૮ના રોજ બપોરે-૧૪.૦૦ કલાકે બનાસકાંઠા જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક જિલ્લા પંચાયતના સભાખંડમાં રાખવામાં આવેલ છે. આ બેઠકમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા સચિવ વ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા, જિલ્લા પંચાયત, પાલનપુર દ્વારા જણાવાયું છે.

તા.૨૮/૩/૨૦૧૮ના રોજ મળનાર જિ.પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠકની કાર્યસૂચિ આ પ્રમાણે છે. ગત તા.૧૭/૩/૨૦૧૮ના રોજ મળેલ જિલ્લા પંચાયતના પ્રમુખ/ઉપપ્રમુખની ચૂંટણી માટે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઇ બહાલી આપવા બાબતે અને તે અંગેની અમલવારી નોંધ વંચાણે લઇ બહાલી આપવા બાબતે, બનાસકાંઠા જિલ્લા પંચાયતનું સને ૨૦૧૭-૧૮નું સુધારેલું તેમજ સને ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર મંજુર કરવા બાબતે તથા જિ.પંચાયતના સને ૨૦૧૩-૧૪ના વર્ષના લોકલ ફંડ ઓડીટ રીપોર્ટની પુર્તતાના પ્રથમ જવાબોની બહાલી બાબતની ચર્ચા કરવામાં આવશે.

# આવતીકાલે ભાભર ખાતે મંત્રીના હસ્તે ૨૦ હજાર વિદ્યાર્થીઓને ખાદીના ગણવેશ વિતરણ કરાશે

પાલનપુર

આવતીકાલ તા.૨૪ માર્ચ, શનિવારના રોજ સવારે-૧૦ વાગે ભાભર મુકામે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રીશ્રી પરબતભાઇ પટેલના હસ્તે ભાભર તાલુકાના ૨૦ હજાર જેટલાં વિધાર્થીઓને ૨ જોડી ખાદીના ગણવેશ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ધ્વારા દરેક વિધાર્થીઓને ખાદીના ૨ જોડી ગણવેશ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે પાલનપુર મુકામે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને સંબંધિત અધિકારીઓની બેઠક યોજીને કાર્યક્રમનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

# બનાસકાંઠાના વિદ્યાર્થીઓને દિન દયાલ સ્પર્શ યોજના અંતર્ગત સ્કોલરશીપ અપાઈ



ડીસા

કેન્દ્રીય સંચાર મંત્રી મનોજ સિન્હાના માર્ગદર્શન હેઠળ ટપાલ ટીકીટ (ફીલાટેલી) સંગ્રહને પ્રોત્સાહિત / પ્રચાર માટે પોસ્ટલ વિભાગ દ્વારા ''દિન દયાલ સ્પર્શ યોજના'' સ્કોલરશીપ યોજના નવેમ્બર - ૨૦૧૭ માં શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધાત્માક યોજનામાં બનાસકાંઠા જિલ્લામાંથી ૬૨ પૈકી ૯ વિદ્યાર્થી પસંદ થયેલ. આ તમામ વિદ્યાર્થીને માસીક રૂા.૫૦૦ લેખે સ્કોલરશીપ તારીખ ૨૦/૩/૧૨ ના રોજ ગાંધીનગર ખાતે તેમના બચતના મારફત જમા કરવામાં આવી છે.

આ ઉપરાંત ગૌતમ ભટ્ટાચાર્ય, ચીફ પોસ્ટ માસ્ટર જનરલ અમદાવાદની અધ્યક્ષતામાં આ તમામ વિદ્યાર્થીને સન્માનિત કરવામાં આવેલ. કેન્દ્રિય મંત્રી મનોજ સિન્હાએ જય એચ.રાવલ (ધોરણ ૬ વિવિધલક્ષી વિદ્યામંદિર) અને સ્નેહા ટી.મેવાડા ધો.-૭, સેન્ટ પોલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ પાલનપુર) ને બિરદાવ્યા હતા. શાળા પરિવાર, વિદ્યાર્થી અને માર્ગદર્શક આચાર્યને, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ સુનીલ શર્મા, ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસ અમદાવાદ અને એચ.સી.જોષી, અધિક્ષક ડાકઘર બનાસકાંઠાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીસામાં ખ્વાજા ગરીબ નવાઝની છઠ્ઠી અને શૈખુલ ઈસ્લામના વિલાદતની ઉજવણી કરાઈ



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસામાં જશ્ને ગરીબ નવાઝ અને વિલાદતે શૈખુલ ઈસ્લામની ઉજવણી કરવામાં આવી હતી. રવિવારે બાદ નમાજે ઈશા મક્કા મસ્જીદમાં મૌલાના સૌકતઅલી અકબરીએ ગરીબ નવાજ અને શૈખુલ ઈસ્લામની શાનમાં ઈમાન અફરોજ બયાન કરી લોકોના ઈમાનની યાદ અપાવી હતી અને ''મેરા મદની સલામત રહે'' મનકબત પઢી લોકોને ડોલાવી દીધા હતા. આ પ્રસંગે મુનીરભાઈ ગેરેજ વાળાના ત્યાં પણ નાત શરીફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વધુમાં વિલાદતે શૈખુલ ઈસ્લામની ઉજવણી પ્રસંગે ડીસામાં પહેલીવાર મિશન તરફથી શહેરમાં બગીચા પાસે સાર્વજનિક કઢી ખીચડી સમગ્ર દિવસ દરમ્યાન દરેકને ખવડાવી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.

# આજે અંબાજી ખાતે માના ચાચરચોકમાં મહોત્સવ

પાલનપુર

રમત ગમત અને યુવક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે તા.૨૩/૦૩/૨૦૧૮, શુક્રવારના રોજ સાંજે-૭.૩૦ વાગે અંબાજી મંદિરના ચાચર ચોકમાં અંબાજી મહોત્સવ યોજાશે. આ મહોત્સવમાં છ જેટલાં ગૃપોના કલાકારો ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમો રજુ કરશે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં માતાજીનો ગરબો, સ્તુતિ, રાસ, કલાસીકલ ડાન્સ, સેમી કલાસીકલ ડાન્સ વગેરે જેવા કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમને માણવા અંબાજી પધારવા જિલ્લા રમત ગમત અધિકારી મુકેશભાઇ ઘોયાએ જણાવ્યું છે.

# ડીસા તાલુકાના સાવીયાણા ક્લસ્ટરની રતનપુરા પ્રાથમિક શાળામાં ચકલી દિવસની ઉજવણી



ડીસા

આજે ઘર આંગણાનું પક્ષી એવી ચકલી નામશેષ થઈ રહી છે ત્યારે ચકલીને બચાવવા તા.૨૦ માર્ચને ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.રતનપુરા પ્રા. શાળામાં ઈકોક્લબ દ્વારા મંગળવારે વિશ્વ ચકલી દિનની ઉજવણી કરવામાં આવી હતી.શાળાના શિક્ષકો પ્રકાશભાઈ અને માફાભાઈએ બાળકોને વેસ્ટ ખોખામાંથી ચકલીઘર બનાવતા શીખવ્યું હતું. શાળાના આચાર્ય જયંતિભાઈએ દિન વિશેષ માહિતી આપી હતી. સી.આર.સી.કો.ઓર્ડીનેટર કનૈયાલાલ સોલંકીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# શુભ લગ્ન

- અમદાવાદ નિવાસી ભરતકુમાર રસીકલાલ શેઠ (મોટી પાવડવાળા) ના સુપુત્ર ચિ. સાવનના શુભલગ્ન જીતેન્દ્રકુમાર જયંતિલાલ દોશી (સુરત)ની સુપુત્રી ચિ. સલોની સાથે તા. ૧૯/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી પંકજભાઈ મફતલાલ મંડોરાના સુપુત્ર ચિ. મિહિરના શુભલગ્ન ગણપતલાલ વર્ધાજી સાંખલાની સુપુત્રી ચિ.ઋતુ સાથે તા. ૨૦/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- બાઈવાડા (તા.ડીસા) નિવાસી અમરતભાઈ હાથીભાઈ જોટાણાના સુપુત્ર ચિ.રાહુલના શુભલગ્ન દલાભાઈ મેવાભાઈ ખટાણાની સુપુત્રી ચિ. નિકીતા સાથે તા. ૬/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

# બાબા રામદેવપીરના સમાધિ મંદિરે અજવાળી બીજે શ્રધ્ધાળુઓનો માનવ મહેરામણ ઉમટ્યો



દિપક સુંદેશા

માલગઢ

રણુજાના રાજા-પોકરણના પીર અને ઉન્ડ-કાશ્મીરના અવતારી બાબા રામદેવપીર અનેકોને પરચો આપી, સંવત ૧૫૧૫ માં ભાદરવા સુદ-અગિયારસે રૂણિચા પાસે રામ સરોવરની પાળે-રામદેવરામાં જીવંત સમાધિ લીધી હતી. ત્યારથી આજ દિન સુધી જગત ભરના શ્રધ્ધાળુઓ આખુ વર્ષ બાબાના સમાધિમંદિરે મસ્તક નમાવવા આવતા હોય છે. જૈસલમેર (રાજસ્થાન)ના પોકરણ તાલુકાના રામદેવરામાં વિદ્યમાન સમાધિમંદિરે ચૈત્ર સુદ બીજને સોમવારના સપરમા દિને ભવ્યાતિ ભવ્ય મેળો ભરાયો હતો જેમાં વહેલી સવારે બાબાની સમાધિને અત્તર, મધ, દૂધ, ,ઘી વડે અભિષેક કરાવી- મુગટ ધારણ કરવાયો હતો.

ત્યારબાદ શંખ-નગારાના નાદથી બાબાની મંગળા આરતી કરાઈ હતી. સવારે ચાર વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી ભાદરવાની બીજ જેવી શ્રધ્ધાળુઓની ભીડ જામી હતી. સૌ કોઈ શ્રધ્ધાળુ ભક્તોએ બાબાના અલૌકિક શ્રૃંગારના દર્શન કરી. એક બીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

## શ્રી અઠવાલાઈન્સ - લાલ બંગલામાં
# મુમુક્ષુ ભવ્યકુમારની દીક્ષાના અનુમોદનમાં પરમાત્મ ભક્તિ સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું



સુરત

શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘના ઉપક્રમે શેઠશ્રી ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધ શાળા મધ્યે ૩૯૩ દીક્ષાદાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા, આચાર્ય વિજયપુણ્ય રત્ન સૂરિજી, આચાર્ય વિજય યશો રત્નસુરિજી અને આચાર્ય વિજયરશ્મિ રત્ન સૂરિજી આદિ ગુરૂભગવંતોની નિશ્રામાં આગામી ૧૯ મી એપ્રિલે ઉમરામાં દીક્ષા અંગીકાર કરવા જઈ રહેલા મુમુક્ષુ ભવ્યકુમારની દીક્ષાની અનુમોદના માટે શ્રી પ્રવીણચંદ્ર પોપટલાલ શાહ રાજુભાઈ પ્રવીણચંદ્ર જુનાડીસાવાળા તરફથી સિદ્ધચક્રપૂજન ભણાવવામાં આવ્યું હતું.

# ગૌરવ પુરસ્કારથી સન્માનિત



સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

સિધ્ધપુર ખાતે આવેલ સૈફી કોલેજના નિવૃત્ત પ્રોફેસર રજીઉદીન સિદ્દકીને તેમના ઉર્દુ સાહિત્ય માટેની સેવા બદલ ગુજરાતના મુખ્ય મંત્રી રૂપાણી દ્વારા તા.૧૭-૩-૧૮ ને શનિવારના રોજ વડોદરા જિલ્લાના ડેસર ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ખાત મુહુર્ત પ્રસંગે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા પ્રોફેસર સિદ્દકીને ગૌરવ પુરસ્કારથી નવાજતા સૈફી કોલેજ સહીત સિધ્ધપુરમાં આનંદ છવાયો હતો.

# કાંકરેજ તાલુકાના તાંતીયાણા ગામે તિથિભોજન અપાયું



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના તાંતીયાણા ગામનો યુવાન અશોકભાઈ ભાવાભાઈ ચૌધરી વિનય વિદ્યા મંદિર-થરા પ્રાથમિક વિભાગમાં માનદ્ સેવા આપતો હતો. તેની શૈક્ષણિક લાયકાત મુજબ શિક્ષણ સહાયક તરીકે કચ્છ જિલ્લામાં હિરાપર કુમાર પ્રાથમિક શાળામાં નોકરી મળતાં તેની ખુશાલીમાં તેણે તાંતીયાણા ગામે આવી ગામની પ્રાથમિક શાળાના ધો ૧ થી ૮ ના બાળકો-ગ્રામજનો-મિત્રોને મિષ્ઠાન સાથે ભોજન આપી આનંદ વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે શિવાભાઈ ચૌધરી, શિવરાજસિંહ વાઘેલા, દેવરાજભાઈ ચૌધરી, જયંતિભાઈ ચૌધરી, હરેશભાઈ ચૌધરી, ભરતભાઈ નાયી, શંકરભાઈ ચૌધરી, વશરામભાઈ ચૌધરી, કિરણભાઈ જોષી સહીત મિત્રવૃંદ ઉપસ્થિત રહી આ હર્ષના કાર્યમાં સહયોગ આપી શુભકામના પાઠવી હતી.

### બનાસ ડેરી દ્વારા બનાસકાંઠાના ખેડૂતો માટે નવી પહેલ

# ખેડૂતો પાસે ગુણવત્તાયુક્ત પ્રોસેસ વેરાયટી બટાટાનું વાવેતર કરાવીને તેમાંથી વેલ્યુએડેડ પ્રોડક્ટ બનાવી

### બજારને લાગ્યો બનાસના બટાટાની સ્વાદિષ્ટ વાનગીઓનો ચટકો







પાલનપુર

બનાસકાંઠાના લોકો ઉદ્યમશીલ છે અને કંઈ પણ નવું ઝડપથી ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે. બનાસની પ્રજા સર્જનાત્મક શક્તિનો અખૂટ ભંડાર છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં તો એશિયા ખંડમાં સૌથી વધારે બટાટાનું વાવેતર થાય છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુણવત્તાયુક્ત બટાટાનું વાવેતર કરાવીને તેમાંથી વિવિધ પ્રકારની વેલ્યુએડેડ પ્રોડક્ટ બનાવવામાં આવી રહી છે. બનાસ ડેરીને ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી જેવા યુવા નેતાનું નેતૃત્વ મળ્યું છે ત્યારે બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે નવી પહેલ કરવામાં આવેલ છે જેમાં ખેડૂતો પાસે ગુણવત્તાયુક્ત બટાટાનું વાવેતર કરાવવામાં આવે છે, ખેડૂતોને કરાર પદ્ધતિમાં જોડવામાં આવેલ છે, જેથી તેઓને સારા ભાવ મળવાનું શરુ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને બટાટાની કોન્ટ્રેક્ટ ખેતી દ્વારા સારા ગુણવત્તાયુક્ત બટાકાનું વાવેતર કરાવી તેની વેલ્યુએડેડ પ્રોડક્ટ બનાવીને બનાસ ડેરી - ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની અમૂલ બ્રાન્ડ હેઠળ વેચાણ કરવાની શરુઆત કરવામાં આવી છે તેનો ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે, આ બાબતે બનાસ ડેરીના નિયામક મંડળે યોગ્ય વિચારણા કરી અને ઝડપભેર જરૂરી નિર્ણયો લઈને સારી સફળતા મેળવી છે.

ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશને નક્કી કર્યા મુજબ બનાસ ડેરી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં અંદાજિત ૪૦૦૦થી ૫૦૦૦ ટન પ્રોસેસિંગ

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા માર્કેટયાર્ડના વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી કરાઇ


(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ભુરાભાઇ પટેલ ચુંટાઇ આવ્યા પછી ગુરુવારે માર્કેટયાર્ડના સભાખંડ ખાતે બીજી ટર્મમાં વા.ચેરમેન માટે ચુંટણી યોજવામાં આવી હતી તેમાં દેવાભાઇ મોર ની બીન ફરીફ વરણી કરવામાં આવી હતી. ધાનેરા માર્કેટયાર્ડમાં અઢી વર્ષ પછી ચેરમેન દ્વારા વિશ્વાસનો મત મેળવવાનો હતો જેમાં ભગવાનભાઇ પટેલ વર્તમાન ચેરમેન સામે ભુરાભાઇ પટેલે ફોર્મ ભરતા ભુરાભાઇને વધારે મત મળતા તેઓને ચેરમેન તરીકે બેસાડવામાં આવ્યા હતા. ત્યાર પછી મંગળવારે ચેરમેન ભુરાભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રથમ બેઠક યોજાઇ હતી.

જેમાં વાઈસ ચેરમેનની નિયુક્તી કરવાની હોવાથી તમામ સભ્યોના સર્વાનુમતે દેવાભાઇ મોર ની વરણી કરવામાં આવતાં ફરીથી ખુસીનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ પ્રથમ સભામાં ભુરાભાઇ પટેલે જણાવેલ કે ધાનેરા માર્કેટયાર્ડમાં ખેડુતોને સારાભાવો મળી રહે તે માટેના પ્રયાસો હાથ ધરવા જોઇએ. તેમજ ગુજરાતમાં ઇ:માર્કેટયાર્ડ બની રહ્યા છે તો ધાનેરા ને પણ તેમાં જોડવા માટેના પ્રયાસો હાથ ધરવા માટે નક્કી કરવામાં આવ્યુ હતુ.

# વાવનું ભાચલી ગામ વ્યસન મુક્ત બન્યું

### ભગવાનના જન્મ દિવસ (રામનવમી) ના શુભ દિવસથી ગામમાં તમાકુ, ગુટકા બંધ


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી ૧૦ કિ.મી.ના અંતરે માડકા રોડ ઉપર ભાચલી ગામ આવેલું છે. ૩૦૦૦/- હજારની જનસંખ્યા ધરાવતા ભાચલી ગામે તમામ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. એક સપ્તાહ અગાઉ ગ્રામજનોએ વડેંચી માતાજીના સાનિધ્યમાં એક મિટીંગનું આયોજન કરી દુકાનદારો તેમજ ગ્રામજનો સાથે બેઠક યોજી ગામને સદંતર ૧૦૦ ટકા વ્યસનમુક્ત બનાવાની પ્રતિજ્ઞા કરી હતી અને એવો નિર્ણય કર્યો હતો કે તા.૨૫/૩/૧૮ ને રામનવમીના પ્રભુના જન્મ દિવસથી જ ગામને વ્યસનમુક્ત બનાવવું. ગામમાં જે કોઈ બીડી, તમાકુ કે દારૂનું વેચાણ કરશે તેને રૂા. ૧૧૦૦૦/- નો દંડ કરવામાં આવશે. આમ સમગ્ર ગામ એક સંપ થઈ ગામને વ્યસનમુક્ત બનાવી એક ઉત્તમ ઉદાહરણને સાર્થક કરી બતાવ્યું છે.

જે પ્રસંગે દલપતભાઈ ટી.બ્રાહ્મણ, અમરતભાઈ જોષી, અભેરામભાઈ જોષી, હરદેવભાઈ (શિક્ષક) , ફુલાભાઈ જોષી, ધર્માભાઈ જોષી, કરશનભાઈ નાઈ, છગરામભાઈ રબારી, કરશનભાઈ હરિજન, ભાવેશભાઈ જોષી તેમજ સમસ્ત ભાચલી ગ્રામજનોએ સહકાર આપ્યો હતો.

# દીઓદરમાં આનંદ પ્રકાશ જીવદયા ગ્રુપ દ્વારા પાણીના કુંડા તેમજ પક્ષી ઘરોનું વિતરણ


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરમાં આનંદ પ્રકાશ જીવદયા ગ્રુપ દ્વારા મૂંગા પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા તેમજ પક્ષી ઘરો મૂકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.ઉનાળાની શરૂઆત થતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. આવા ધગધગતા ઉનાળામાં મૂંગા પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરી માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આનંદ પ્રકાશ જીવદયા ગ્રુપ દ્વારા ફાળો એકત્ર કરી દીઓદર ગૌશાળામાં તેમજ પ્રાથમિક શાળાઓમાં અને વડીયા નવા મોજરૂ સુરાણામાં પાણીના કુંડા તેમજ પક્ષી ઘરોનું વિતરણ કરવામાં આવ્યું હતું.તેમજ સુરાણા હાઈસ્કુલના બાળકોને તેમજ નવા પ્રાથમિક શાળાના બાળકોને પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ પક્ષી ઘરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આનંદ પ્રકાશ જીવદયા ગ્રુપના તમામ સભ્યોએ સામુહિક ફાળો એકત્ર કરી પક્ષીઓની વેદના સમજી તેમના માટે હજુ પણ આગામી સમયમાં કુંડા અને પક્ષી ઘરોનું વિતરણ કરવામાં આવશે.

# સતત બીજી વખત 'શ્રેષ્ઠ એસ.એમ.સી.' નું સન્માન મેળવતી સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળા


(બી.ટી.દરબાર)

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી. ની સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાએ સી.આર.સી. કક્ષાએ સતત બીજી વખત એસ.એમ.સી.નું સન્માન મેળવેલ છે. જે સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળા પરિવાર, જેનાલ ગામ અને વરનોડા સી.આર.સી. માટે ગૌરવ અને આનંદની વાત છે.

સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળામાં તા. ૨૪/૦૬/૨૦૧૧ ના રોજ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવેલ છે. સમિતિની દર બે વર્ષે પુનઃ રચના પણ કરવામાં આવે છે. સમિતિની બેઠક નિયમિત અને સમયસર મળે છે. જેમાં ૧૦ જેટલા સભ્યો પણ હાજર રહે છે.

એસ.એમ.સી. ની તાલીમમાં પુરૂષ સભ્યોની સાથે મહિલા સભ્યો પણ હાજર રહે છે. ડાયસ ફોર્મ અંતર્ગત તમામ સભ્યોને માહિતી આપવામાં આવે છે. એસ.એમ.સી. દ્વારા શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવે છે. સમિતિના સભ્યો શાળાની ભૌતિક

અનુસંધાન પાના નં.૬

# ગોગ મહારાજના સાનિધ્યમાં વાવ ખાતે 'રમેલ મહોત્સવ' નું આયોજન


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ શહેર ખાતે જૈનવાડીની પાછળ વજીર વાસમાં શ્રી ગોગ મહારાજનું એક ભવ્ય મંદિર આવેલું છે. તે મંદિર ખાતે સ્વ.રગાજી સવાજી ભાટી પરિવાર તેમજ લક્ષ્મણજી નરસેંગજી ભાટી, રૂપસીજી નાગજીજી ભાટી તેમજ સમસ્ત ગોગા પરિવાર વાવ તરફથી તા. ૨૩/૩/૧૮ થી તા. ૨૫/૩/૧૮ ત્રિદિવસીય રમેલ મહોત્સવ ૨૦૧૮ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જે પ્રસંગે પ્રથમ દિવસે આજરોજ તા. ૨૩/૩/૧૮ ના રોજ ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાશે. જેમાં તા.૨૪/૩/૧૪ ના રોજ રેગડીના નામાંકિત કલાકાર ગોવિંદરામ ઉંબરી (વિહતરામ) ઉપસ્થિત રહી રેગડીની રમઝટ બોલાવશે. પ.પુ.દેવરામ બાપુ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. તેમજ યજ્ઞ પ્રારંભ અને ભોજન પ્રસાદ રાખવામાં આવેલ છે. તા. ૨૫/૩/૧૮ ના રોજ તેલફૂલ ચડાવાશે અને ભોજનપ્રસાદ રાખવામાં આવેલ છે. તો આ ત્રિદિવસીય મહોત્સવમાં ભક્તોને હાજર રહેવા માટે ગોગા પરિવાર વાવના આયોજક મિત્રો તરફથી અનુરોધ કરવામાં આવેલ છે.

# ડીસા રોટરી ક્લબની મુલાકાતે પધારેલા ગવર્નર


(ભરત સુંદેશા)

ડીસા

સેવા, સંસ્કાર અને શિક્ષણના ક્ષેત્રે કાર્યરત રોટરી ક્લબના ક્ષેત્રો કાર્યરત રોટરી ક્લબ ડીસાની સત્તાવાર મુલાકાતે રોટરી ડીસ્ટ્રીક સત્તાવાર મુલાકાતે રોટરી ડીસ્ટ્રીક ૩૦૫૪ નાં ડીસ્ટ્રીક ગવર્નર મૌલીનભાઈ પટેલ તેમના ધર્મપત્ની સોનલબેન તથા આસિસ્ટન્ટ ગવર્નર ધનરાજભાઈ ઠક્કરની સાથે પધાર્યા હતા.

રોટરી ક્લબ ડીસાના પ્રમુખ નટુભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા તેમનું ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા સમગ્ર વર્ષ દરમ્યાન થયેલા પ્રોજેક્ટોનો અહેવાલ આપ્યો હતો. જેમાં રેલ્વે સ્ટેશન સ્કુલ અને ''આશાકિરણ'' સ્કુલના પ્રોજેક્ટ તથા આર.સી.સી.

અનુસંધાન પાના નં.૬

### થરાદમાં આજે રાત્રે એક શામ શહિદો કે નામ કાર્યક્રમમાં ફરીદામીર અને કલાકારો લોકડાયરો ગજવશે

(પ્રતિ.) થરાદ

શુક્રવારે શહીદ દિન નિમિત્તે શુક્રવારની રાત્રે નગરમાં થરાદ તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા એક શામ શહિદો કે નામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લાના ૩૫૦ એચઆઈવીગ્રસ્ત બાળકો ના લાભાર્થે ફરીદામીર અને સાથી કલાકારો લોકડાયરાની રમઝટ મચાવશે. ભાજપ દ્વારા પ્રજાજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૩મી માર્ચે શહીદ દિનની ઉજવણી પ્રસંગે રાત્રે એક શામ શહીદો કે નામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. થરાદ તાલુકા ભારતીય જનતા પાર્ટીના યુવા પ્રમુખ પ્રકાશભાઈ

અનુસંધાન પાના નં.૬

### પ્રમુખ કાંનજીભાઈ રાજપુતના અધ્યક્ષસ્થાને

# વાવ તાલુકા પંચાયતમાં સરપંચ - તલાટીઓની બેઠક યોજાઈ


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકા પંચાયતના પ્રમુખ પદે નવીન વરાયેલા પ્રમુખ કાંનજીભાઈ રાજપુતની રાહબરી હેઠળ ગતરોજ તા. ૨૨/૩/૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૧૧/૩૦ કલાકે વાવ તાલુકાના સરપંચ અને તલાટી મિત્રોની એક અગત્યની બેઠક મળી હતી. જેમાં સૌપ્રથમ નવીન વરાયેલા તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુતે દરેક સરપંચ- તલાટી મિત્રોને પરિચય આપ્યો હતો. ત્યારબાદ વાવ તાલુકાને વહીવટ અને વિકાસની દષ્ટિએ વેગવંતો બનાવા માટે દરેક લોકોના સાથ અને સહકારની જરૂર હોવાનું જણાવ્યું હતું. વિશેષમાં દરેક તાલુકા મથક ખાતે તલાટી મિત્રોની નિયમિત હાજરી, મહિનામાં એક વખત તાલુકાના સરપંચોની તાલુકા કક્ષાએ એક બેઠકનું આયોજન, પૂર સહાયમાં જમીન ધોવાણ અને પાક ધોવાણ માટે ધક્કા ખાતા પીડીતોને ઝડપી ચેકો મળવા જોઈએ. આવાસ યોજનામાં તેમજ સરકારી યોજનાની સહાયોમાં વચેટીયા ઓથી દૂર રહી સીધો અધિકારીનો સંપર્ક તાલુકામાં થતા વિકાસના કામો ઉપર પ્રમુખ ટી.ડી.ઓ વિ.અધિકારી બાંધકામનું મોનેટરીંગ સાચા લાભાર્થીઓ સુધી સરકારની સહાય પહોંચવી જોઈએ. નિયમિત કરેલા વાર મુજબ તલાટી પોતાના સેજામાં હાજર રહે તેમજ તાલુકાની દરેક પંચાયતોમાં વેરા વસુલાત માટે સરપંચ - તલાટી સક્રિય બને તેમજ ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ દરેક ગ્રામ પંચાયતોમાં પાણીના પ્રશ્ને વધુ રસ દાખવી પાણીની પાઈપને લગતા કામોને વધુ પ્રાધાન્ય મળે. વધુમાં તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુતે જણાવ્યું હતું કે પંચાયતોને મળતી ગ્રાન્ટનો સરપંચ જાતે ઉપયોગ કરે તેમજ દરેક વિકાસને લગતા વિવિધ કામોનું આયોજન કરે વિકાસના કામોમાં ગુણવત્તા જળવાઈ રહે. આમ બેઠક દરમિયાન વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. આ દરેક પ્રશ્નોમાં અધિકારીગણ- સરપંચ - તલાટી તેમજ તા.પંચાયતના સદસ્યોએ સાથ સહકાર આપ્યો હતો.

જે પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કાંનજીભાઈ રાજપુત, ટી.ડી.ઓ., બી.ડી.સોલંકી, વિ.અધિકારી બાંધકામ વાઘેલા વાવના પૂર્વ સરપંચ હરિસિંહભાઈ બી. વૈંઝીયા, રામસેંગભાઈ રાજપુત (કેશરકૃપા), ગુમાનસિંહજી ચૌહાણ, તા.પંચાયતના સ્ટાફમિત્રો, સદસ્યમિત્રો વાવ તાલુકાના સરપંચ મિત્રો, તલાટી મિત્રો, પત્રકાર મિત્રો, અરજદાર મિત્રો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શ્રી તપોવન વિદ્યાલય તાણાં (થરા)માં થનગનાટ વાર્ષિકોત્સવ ૨૦૧૮ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના તાણા( થરા) માં સદભાવના સામાજિક સુરક્ષા એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી તપોવન વિદ્યાલયનો થનગનાટ વાર્ષિકોત્સવ ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તીર્થના શ્રી કરશનપુરીજી મહારાજની પાવન નિશ્રામાં અને નવ - નિયુક્ત કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ વર્ધીલાલ વી.મકવાણાના અધ્યક્ષ સ્થાને ગઈકાલે યોજાઈ ગયો.આ કાર્યકર્મના મુખ્ય મહેમાન શ્રી ભરતભાઈ કાનાબાર - નાયબ મામલતદાર દિઓદર તથા ડૉ.સુનિલભાઈ રાવલ (બહુચર હોસ્પિટલ,થરા) હાજર રહેલ.

આ કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરુઆત કરવામા આવેલ. તેમાં પ્રાર્થના, સ્વાગત ગીત, રાસ, સાહસિક કાર્યક્રમ, અર્વાચીન ગરબો,ગુજરાતી ગીત, મિક્સ ડાન્સ, બાલગીત, દેશ ભક્તિ ગીત વગેરે કાર્યક્રમ લગભગ પચાસ બાળકોએ રજૂ કરી શ્રોતાગણને મંત્રમુગ્ધ કરેલ. તેમાં વર્ષ દરમ્યાન પ્રથમ નંબરે આવેલ બાળકોને પરેશભાઈ ઠકકર તથા અલ્પેશભાઈ ઠકકર તરફથી બાળકોને શિલ્ડ અને થેલા

અનુસંધાન પાના નં.૬

# સંત શ્રી રાજેશ્વર ભગવાનની ૧૩૬મી જન્મ જયંતિની ઉજવણી કરાશે




પ્રતિનિધિ લવાણા

ભારતભરના આંજણા ચૌધરી સમાજ ના કુળ ગુરુ સંત શ્રી રાજેશ્વર ભગવાનનો જન્મ રામનવમીના પવિત્ર દિવસે રાજસ્થાન ના સિકારપુરા ગામે થયો હતો જેમણે પોતાના જીવન કાળ દરમિયાન પ્રભુનું ભજન કરી સમાજને શિક્ષિત સંગઠિત અને વ્યસન મુક્ત બનવાની પ્રેરણા આપી હતી જે સંત શ્રી સુવિધાના નિર્માણ અને જાળવણીમાં ભાગ લે છે. સમિતિની બેઠકમાં શાળા વિકાસ યોજનાને ધ્યાનમાં રાખીને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.

એસ.એમ.સી.ની ટેલી કોન્ફરન્સમાં પણ સમીતિના તમામ સભ્યો હાજર રહે છે. સોલંકીવાસ (જેનાલ) પ્રા. શાળામાં દર મહિને સમિતિની બેઠક મળે છે. સમિતિને શ્રેષ્ઠ એસ.એમ.સી.નું સન્માન મળવાની એકલ્પોઝર વિઝીટ પણ ગોઠવવામાં આવેલ છે. શ્રેષ્ઠ એસ.એમ.સી.નું સન્માન મળવાથી સોલંકીવાસ(જેનાલ) પ્રાથમિક શાળાની સમિતિ અન્ય શાળાઓની સમિતિ માટે પ્રેરણારૂપ કામગીરી કરી રહી છે.

## જાહેરાત / સુધારો

**હું પ્રભુજી કાળાજી રાઠોડ (રહે. શિયા, તા.ધાનેરા) મારી માલિકીની જમીન ધાનેરા તાલુકાના શિયા ગામે આવેલ છે. તેમજ તેના પર લોન લેવા માટે મે એક્સીસ બેંક ડીસા શાખામાં અરજી આપેલ છે તથા મારા ૭/૧૨, ૮-અ માં મારૂં નામ રાજપૂત પ્રભુજી કાળાજી ચાલે છે તથા પાન કાર્ડમાં રભુજી કાળાજી રાઠોડ લખેલ છે. જે બંને નામવાળી વ્યકિત હું એક જ છું. જે હું આથી જાહેર કરી જણાવું છું.**

લિ.

**પ્રભુજી કાળાજી રાઠોડ**

## જાહેરાત / સુધારો

**હું રાયગોર હર્ષદકુમાર રેવાશંકર (રહે.પાંસવાળ, તા.દાંતીવાડા) મારી માલિકીની જમીન દાંતીવાડા તાલુકાના પાંસવાળ ગામે આવેલ છે. તેમજ તેના પર લોન લેવા માટે મે એકિસસ બેંક કિર્તીસ્તંભ પાલનપુર શાખામાં અરજી કરેલ છે. તથા મારા ૭/૧૨, ૮-અ માં મારૂં નામ હરચંદભાઈ રેવાભાઈ બ્રાહ્મણ લખેલ છે. જે બંને નામવાળી વ્યકિત હું એક જ છું. જે હું આથી જાહેર કરી જણાવું છું.**

લિ.

**હર્ષદકુમાર રેવાશંકર રાયગોર**

## જાહેરાત / સુધારો

**હું પારજી ગંભીરજી ઠાકોર (રહે.નેસડા જુના, તા.ડીસા) મારી માલિકીની જમીન ડીસા તાલુકાના નેસડા જુના ગામે આવેલ છે. તેના પર લોન લેવા માટે મેં એકિસસ બેંક ડીસા શાખામાં અરજી કરેલ છે. તથા મારા ૭/૧૨, ૮-અ માં મારૂં નામ ઠાકોર પાડજી ગંભીરજી ચાલે છે. જયારે પાન કાર્ડમાં મારૂં નામ ઠાકોર પારજી ગંભીરજી લખેલ છે. જે બંને નામવાળી વ્યકિત હું એક જ છું. જે હું આથી જાહેર કરી જણાવું છું.**

લિ.

**પારજી ગંભીરજી ઠાકોર**

## ધી ધાનેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ધાનેરા

તા.ધાનેરા, જિ.બનાસકાંઠા

### જાહેર હરાજી

**ધી ધાનેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધાનેરા, બલ્ક યુનિટની ઉપયોગમાં ન આવે તેવી સાધન સામગ્ર સહિત અન્ય બિન ઉપયોગી ભંગાર પરચુરણ માલ - સામાનની જાહેર હરાજી આગામી તા.૨૭/૩/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨/૦૦ વાગે સ્થળ ધી ધાનેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ધાનેરાની ઓફિસે નેનાવા રોડ ત્રણ રસ્તા પાસે, ધાનેરા જાહેર હરાજીથી નિકાલ કરવાનો છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ રૂા.૫૦૦૦/- પુરા (પાંચ હજાર પુરા) ડીપોઝીટ પેટે ભરી હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજી અંગેની શરતો હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. હરજી મંજુર/નામંજુર કરવા અંગેની આખરી સત્તા સંસ્થાની રહેશે. હરાજી માત્ર બલ્ક યુનિટની ઉપયોગમાં ન આવે તેવી સાધન સામગ્ર સહિત તેમજ અન્ય બિન ઉપયોગી ભંગાર પરચુરણ માલ - સામાન ઓફિસ સમય દરમ્યાન સંસ્થાની ઓફિસ ખાતે જોઈ શકાશે.**

(સહી) ચેરમેન — (સહી) સેક્રેટરી

**ધી ધાનેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધાનેરા**

# તંત્રી સ્થાનેથી ...

**પરોપકાર કરનાર પર પરમાત્મા સદાકૃપા વરસાવે છે.**

## તાપી શુધ્ધિકરણનું અભિયાન પાર પડશે કે પછી?

નદીઓનું શુધ્ધિકરણ કરવું જરૂરી છે તે અગાઉ નદીઓને અશુધ્ધ કરતા લોકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી છે. કેન્દ્ર દ્વારા ગંગા નદીના શુધ્ધિકરણનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ કેટલી કામગીરી થઈ તે બાબતનો કોઈ રિપોર્ટ દેશની જનતા સમક્ષ રજુ થયો નથી. અખબારોમાં પણ ખાસ કંઈ આવ્યું નથી. ગૃહમાં તેની ખાસ ચર્ચા થતી નથી. ગંગાના શુધ્ધિકરણના અભિયાનનો ક્યારે અંત આવશે તેનો કોઈને ખ્યાલ નથી. ત્યારે હવે ગુજરાતમાં તાપી નદીની સફાઈ કરવાનો પ્રેમ ભાજપ સરકાર દ્વારા ઉભરાયો છે.

ત્યારે આગામી રામનવમીથી સુરત શહેરના લોકોને તાપીની સફાઈની કામગીરી સોંપવામાં આવનાર છે. લોકોને આ કામગીરીમાં જોતરવા માટે સરકાર તરફથી જાહેરાત પણ કરાઈ છે. જો કે આ અભિયાન ભાજપનું અને તેના માટે સાધનો અને ટેકનિકલ માર્ગદર્શનના નામે કર્મચારીઓ મહાનગરપાલિકાના વિનામુલ્યે ફાળવવાનો ઠરાવ કરાતા નવો વિવાદ છંછેડાયો છે. વિપક્ષ કોંગ્રેસે તાપી નદીની સફાઈનો રાજકીય લાભ લેવો હોય તો ભાજપે પાલિકાના કર્મચારીઓ, સાધનો, મશીનરીઓનો ઉપયોગ નહિં કરે તેવી ચીમકી આપી છે.

સુરત શહેર અને ભાજપના પ્રમુખ નીતિન ઠક્કર (ભજીયાવાળા) એ સોશ્યલ મિડીયામાં એક વિડીયો વહેતો મુક્યો હતો. બાદમાં આ અભિયાન માટે સ્થાયી સમિતિએ એક ઠરાવ કરીને પાલિકાના તમામ સાધનો, મશીનરીઓ અને કર્મચારીઓ વિનામુલ્યે લાવવા માટેનો નિર્ણય લીધો છે.

ઉપરોક્ત નિર્ણયને લીધે ભારે વિવાદ સર્જાયો હોવાનું બહાર આવ્યું છે. કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાળાએ મેયરને લેખિત વિરોધ નોંધાવ્યો હતો. અને તેમણે દલીલ કરી હતી કે ગત વર્ષે રાજ્ય સરકારે પણ તાપી નદીના શુધ્ધિકરણ માટે ૯૭૫ કરોડનો પ્રોજેક્ટની જાહેરાત તો કરી હતી, પરંતુ તેનો કોઈ અર્થ સરી શક્યો નથી. સરકારે કેટલા રૂપિયા આપ્યા અને કેટલું કામ થયું? આ અંગેનો કોઈ જવાબ આપી શકશે ખરા?

હંમેશા કાગળો પર તો ઘણી બધી યોજનાઓ ચિતરી શકાય. પરંતુ નાણાં ધીરીને તેને લીલીઝંડી આપી શકાતી નથી. આજદિન સુધી અસંખ્ય યોજનાઓ બહાર પડી અને મૃતપાય સ્થિતિમાં આવી ગઈ ત્યારે તાપી નદીનું શુધ્ધિકરણ થશે કે નહીં તે સવાલ અગત્યનો માની શકાય.

ગત વર્ષે 'રન ફોર તાપી' તાપી ઉત્સવ જેવા અનેક તાયફાઓ સરકારે કર્યા હતા. છતાં કોઈ સારું પરિણામ લાવી શકાયું નથી, હવે ભાજપને રાજકીય લાભ મેળવવા માટે શહેર ભાજપ પ્રમુખે તાપી શુધ્ધિકરણના અભિયાનની જાહેરાત કરી દીધી છે, તો તેના માટે પાલિકા તેના સાધનો- માણસો વિનામુલ્યે ફાળવશે! અને કદાચ ફાળવે તો તે બાબતનો ઠરાવ જાહે થશે ખરો? પાલિકા એ કોઈ ખાનગી પેઢી નથી એ બાબત શાસકોએ યાદ રાખવી જોઈએ, પાલિકાના સાધનો કે તેના માણસોનો ઉપયોગ કરવો હોય તો એક વિચારવા જેવી બાબત છે. માત્ર રાજકીય લાભ ખાટવા તાપી નદી શુધ્ધિ કરવાનું અભિયાન ચલાવવું તે બરાબર નથી. બે દાયકાથી તાપી શુધ્ધિકરણની વાતો સંભળાતી આવી છે અને હવે અભિયાન શરૂ થાય તે પહેલાં જ તેની સફળતા અંગેની અટકળો વહેવા માંડી છે. તાપીના શુધ્ધિકરણ બાબતે રાજ્ય સરકારે ખરેખર કેટલા નાણાં ખર્ચ કરશે તે નક્કી થવું જોઈએ.

### ઉગ્રવાદના પ્રતિકારની કથા :

## ઈબ્રાહિમ ૨૦૧૮ નો પદ્મ એવોર્ડ મેળવનાર એક સૂફી પરોપકારી સંત

કન્નડના કબીર તરીકે જાણીતા ઈબ્રાહીમ સુથાર, જેઓ શાન્તિ અને સૌહાર્દ માટે કર્ણાટક રાજ્યની હદમાં ખૂણે ખૂણે છેલ્લાં પાંચ દાયકાથી ચળવળ ચાલવવા ઉપરાંત આ વર્ષના પદ્મ એવોર્ડથી પણ સન્માનિત થયા. સૂફી વિચારધારા અને સમાજિકસેવા સાથે એમના ઘરનું નામ પણ "ભવૈક્ય" રાખીને તેઓ પ્રવચનોના વાર્ષિક કાર્યક્રમ (શ્રાવણર્કોહુ સમાજસેવા-દર શ્રાવણ માસમાં સમાજસેવા) પણ રાખે છે. તેઓ શ્રમદાન થકી ૯ કિ.મી.ના રોડના બાંધકામમાં અને અનેક શાળાઓ, લગ્નો માટેના હોલ, ધાર્મિક સ્થળોએ યાત્રાળુઓ માટેના ઉતારા વિ.માટે પણ માધ્યમ રહ્યા છે. શ્રી સુથાર એ અનેક સામજિક અનિષ્ટો જેવા કે "દેવદાસી" નશાખોરી, દહેજપ્રથા વિ.સામે પણ અવાજ ઉઠાવ્યો છે, અને એક સંદેશ પણ વહેતો કર્યો છે કે, આપણે પહેલાં ભારતીય છીએ, પછી જ હિન્દુ કે મુસ્લિમ!" એમના શરૂઆતના દિવસોથી જ એમણે હિન્દુ અને મુસ્લિમ બન્નેના તહેવારોનું નીરીક્ષણ કર્યું છે. બન્ને ધર્મોના ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો છે. અને (તત્વપદો અને તત્વ જ્ઞાનની કવિતાઓ-ભજનોનું રટણ કરતી) ભજનમંડળીઓ-ભવૈક્ય જનપદ સંગીતમેળા (સૌમનયસ્ય માટે લોકસંગીત)ની પણ સ્થાપનાઓ કરી છે.

સુથાર એવી સર્વશ્રદ્ધા ના અભ્યાસ કેન્દ્રો/આશ્રમોની સ્થાપના કરવા માગે છે કે, જ્યાં વિવિધકર્મો /માન્યતાઓના યુવાનો કોમી એકતા ફેલાવવા ઉપરાંત ભારતીય સંસ્કૃતિની આત્મિય તાલીમ મેળવી શકે.

**આત્મચિંતન**

## જીવન - સુખી જીવન - ૩

૩. અર્થસંયમ - અર્થ સંયમ એટલે પોતાના નાણાં વિવેકપૂર્ણ ઉપયોગ. ખોટા ખર્ચા બંધ કરવા જોઈએ. ખોટા ખર્ચાઓથી બચવું કંજુસાઈ નથી. કંજુસાઈ પણ એટલીજ નુકશાનકારક છે જેટલા ખોટા ખર્ચાઓ - અર્થાત નકામી બરબાદીથી બચેલા ધનના એક ભાગને ઉદારતાપૂર્વક અને નિયમિતરૂપે સેવાના કાર્યોમાં અને સત્કર્મોમાં લગાવતા રહેવું જોઈએ. આપની આ ઉદારતા સમાજ અને ધર્મ માટે જેટલી કલ્યાણકારી અને પ્રેરણાદાયક હશે, તેનાથી અનેકગણી વધારે આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક સાબિત થશે. જો ફેશન, વ્યસન અને દુર્વ્યય વગેરેથી ધન બચાવી તેને શ્રેષ્ઠ કાર્યોમાં લગાવનારા અર્થસંયમની સાધનાની ટેવ પાડવામાં આવે તો કુટુંબના તથા સમાજના શ્રેષ્ઠ કાર્યો માટે પૂરતા પ્રમાણમાં આર્થિક સાધનો એકઠા થવા લાગે છે. લગ્ન, મુંડન તેમજ અન્ય પ્રસંગોએ થતાં અઢળક ખર્ચાઓ અત્યંત નુકશાનકારક છે આ બાબત પાછળ માત્ર બે પ્રેરણાઓ જ કામ કરે છે. ૧. રાજાશાહી પ્રથાની નકલ તથા ૨. પોતે અત્યંત ધનવાન છે એવું જગ જાહેર કરવાની ઈચ્છા વૃતિ. આપ આપના ઘરમાં દરેક પ્રસંગો સાદગીપૂર્ણ રીતે કરવાની જાહેરાત કરો. શાંત મનથી પણ પરંતુ દ્રઢ ચિત્તથી જાહેરાત કરો. કુટુંબવાળાઓ તેની ટીકા શરૂ કરશે, તેની ઉપર ધ્યાન આપો ન કોઈ વિવાદ ઉભો કરો. શાંત તથા મજબુતથી ટકી રહો. થોડા સમયમાં જ તેઓ શાંત થઈ જશે. આ નિર્ણયથી સમાજ તમારી નિંદા નહિ કરે કારણ કે, બરબાદીના બોજથી ત્રાસેલો છે. એ ચોકક્કસ છે કે તમારા દ્વારા આરંભ કરાયેલ પરંપરા દ્વારા બીજા પણ કેટલાક લોકોને પ્રેરણા મળશે. તેઓ પણ આપની જેમ સાહસ કરવા લાગશે. આપનું આ સાહસ સમાજ માટે પથદર્શક બની જશે.

સંયમનો છેલ્લો પરંતુ અગત્યનો ભાગ "સમયસંયમ" વિશે આવતીકાલે જોઈશું.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારિત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# શું કહું સાહેબ...! આજે પણ ભગતસિંહની યાદ આવે તો ઉંઘ ઉડી જાય છે..

ભારતમાતાની મુકિત કાજે જેમણે હસતાં મોઢે ફાંસીનો માંચડો ચૂમી લીધો એવાં વીરોને યાદ કરવાનો દિવસ છે ૨૩-માર્ચ. દેશની આઝાદી ખાતર જેમણે પોતાના જીવનનું બલિદાન આપતાં એક પળનો પણ વિચાર ન કર્યો એવાં વીર શહીદો ભગતસિંહ,સુખદેવ અને રાજગુરુને અંજલિ આપવાનો દિવસ છે ૨૩-માર્ચ. શહીદે આઝમ ભગતસિંહ,સુખદેવ અને રાજગુરુ એક વિચાર હતાં અને મૃત્યુ મનુષ્યનું થાય છે ,વિચાર કયારેય મરતો નથી એ તો યુગોયુગો સુધી જનમાનસમાં જીવંત રહેતો હોય છે.આપણે કહીએ છીએ કે જયાં સુધી સૂર્ય અને ચંદ્ર રહેશે ત્યાં સુધી ભારતનું નામ રહેશે.મારે આજે કહેવું છે કે જયાં સુધી ભારત રહેશે ત્યાં સુધી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ અમર રહેશે. આ લખું છું ત્યારે બાર વાગીને સતાવન મિનિટ થઈ છે.યાદ આવી છે ભગતસિંહની ને મારી ઉંઘ ઉડી ગઈ છે.પોતાના દેશને આઝાદ કરાવવાના પ્રયત્ન કરવા બદલ જો દેશનાં યુવાનોને ફાંસીની સજા આપવામાં આવતી હોય તો એવી સજા અમને મંજૂર નહી.૨૩-માર્ચ આવે છે ને ભગતસિંહની ફાંસીનો બદલો લેવાની મનમાં ઈચ્છા જાગે છે.શા માટે મારાં દેશનાં એ યુવાનોને નાની ઉંમરે ને અધુરા સપનાઓ સાથે ફાંસીના માંચડે ચડાવી દેવામાં આવ્યા એનો જવાબ છે કોઈની પાસે...? કહેવાય છે કે જે પ્રજા પોતાનો ઈતિહાસ ભુલી જાય છે એ પ્રજા નષ્ટ થઈ જાય છે. ભગતસિંહ, સુખદેવ ને રાજગુરુ ભારતનો ઈતિહાસ છે.જે દિવસે આ શહીદોના બલિદાનને ભારત ભૂલશે એ દિવસે ગુલામ થવા તૈયાર રહેવું પડશે. ભગતસિંહ ભારતનો ઈતિહાસ છે, ભગતસિંહ ભારતની મરદાનગી છે, ભગતસિંહ ભારતની ખુમારી છે એને કેમ કરીને ભૂલાય...? ભગતસિંહનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૦૭નાં રોજ પંજાબનાં લાયલપુરમા થયો હતો. માતાનું નામ વિધાવતી ને પિતાજીનુ નામ સરદાર કિશનસિંહ. ભગતસિંહનો અર્થ થાય છે ભાગ્યવાન.ને એ વખતે જ નક્કી થઈ ગયું હતું કે ભગતસિંહ પોતાના પરિવાર માટે ને મુકિત માટે ટળવળતી મા ભારતી માટે ભાગ્યવાન સાબિત થવાનાં હતાં.નાનાં હતાં ત્યારે એકવાર પિતાજી સાથે ખેતરમાં જાય છે. ખેતરની માટીમાં લાકડાની સળીઓ ખોસવાની રમત રમતાં ભગતસિંહને પિતાજી પૂછે છે કે બેટા...ભગત શું કરે છે...? ત્યારે ભગતસિંહ જવાબ આપે છે કે બાપુજી બંદુકો વાવુ છું...! આટલી નાની ઉંમરે જે બંદુકો વાવાની વાત કરે એ જ ભવિષ્યમાં શહીદે આઝમ ભગતસિંહ બની શકે.એ જ દેશ માટે બલિદાન આપી શકે.બાકી ફિલ્મ એકટરોની કોપી કરનારાં બાયલાં યુવાનોનું આ કામ નહીં. ૩-એપ્રિલ ૧૯૧૯માં બનેલાં જલિયાંવાલા બાગના હત્યાકાંડ પછી ભગતસિંહ બદલાઈ ગયા. બાગમાથી લોહીથી ખરડાયેલી માટી લાવીને બહેનને બતાવી ત્યારે બહેન પણ ડરી ગઈ હતી. ભગતસિંહ માનતાં હતાં કે અંગ્રેજો ક્રુર અને અત્યાચારી છે. આવાં બહેરા કાનોને સંભળાવવા માટે હવે બોમ્બ ધડાકાની જરુર છે એટલે એસેમ્બલીમાં બોમ્બ ફેકીને પકડાઈ જાય છે. ભગતસિંહને ફાંસીની સજા આપવામાં આવે છે.ભગતસિંહને ફાંસીની સજા આપવાની છે એ સમાચાર સાંભળીને માતા વિધાવતીની આંખમા આંસુ આવી જાય છે.કોઈ કહે છે કે શહીદની મા થઈને રડે છે ત્યારે વિધાવતી જવાબ આપે છે કે હૂં મારાં દીકરાની શહીદ પર નથી રડતી પરંતુ એટલાં માટે રડું છુ કે ભગવાને મને બીજો દીકરો આપ્યો હોત તો એ પણ ભારત માતાનાં ચરણોમાં સમર્પિત કરી દઉ...ધન્ય છે આવી વીર માતાને.આવી માતાનાં કૂખે જ ભગતસિંહ જવો સિંહ પાકે....



કોઈ કવિની પંક્તિઓ યાદ આવે છે........

દેશ તો આઝાદ થાતા થઈ ગયો તે શું કર્યું ?

દેશ તો બરબાદ થાતા રહી ગયો તે શું કર્યું?

પોતાની જાતને આધુનિક માનતી આજની યુવા પેઢી શહીદોના બલિદાનને ભૂલી છે. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ કોણ હતાં એ પણ બહું ઓછાં લોકોને ખબર હશે...? આવો આપણે સૌ સાથે મળી ૨૩-માર્ચ શહીદદિને દેશનાં વીર શહીદોને યાદ કરીએ.દેશ માટે જીવવાનો સંકલ્પ કરી એમને સાચી શ્રધ્ધાંજલિ આપીએ.

ફાંસીએ ચડતાં પહેલાં શહીદો આપણને કહેતાં ગયાં છે....

**એ મેરે વતન કે લોગો જરા**
**આંખમે ભર લો પાની**
**જો શહીદ હુએ હૈ ઉનકી જરા**
**યાદ કરો કુરબાની**
**કર ચુકે હમ ફિદા જાન તન**
**સાથીઓ**
**અબ તુમ્હારે હવાલે વતન**
**સાથીઓ**
**શહીદો અમર રહો....**

**ચેતન જોષી**

## શૈફલર ઈન્ડિયા નવા ઔદ્યોગિક પ્રમુખ નિમણૂક જાહેરાત



પુણે

શૈફલર ઈન્ડિયાએ આજે નવા ઔદ્યોગિક પ્રમુખ તરીકે હર્ષા કદમની નિમણૂકની જાહેરાત કરી. આ ભૂમિકામાં, કદમ ભારતના શ્હેફલરના ઉદ્યોગ વેપાર માટે જવાબદાર રહેશે. કદમ શૈફલરના મન્જા (વડોદરા) પ્લાન્ટમાંથી કામ કરશે અને સીધી સીઈઓ, શૈફલર ઈન્ડિયા,ધર્મેશ અરોરાને સીધી અહેવાલ આપશે. તે શૈફલર ઈન્ડિયાની નેતૃત્વ ટીમના સભ્ય પણ હશે.તેમના તાજેતરના કાર્યકાળમાં,કદમ એજીઆઈ ગ્લાસપેક (ભારત) ના સીઈઓ હતા. તે પહેલા, તેઓ ડિસેમ્બર ૨૦૧૬ સુધી એસકેએફ ઈન્ડિયા સાથે હતા, ડિરેક્ટર, ઓટોમોટિવ બિઝનેસ. કુલ ૨૦ વર્ષથી સમગ્ર ઉત્પાદન અને વેચાણમાં એસકેએફ ઈન્ડિયામાં કેટલાક કી નેતૃત્વની પદવીઓ યોજી હતી. શ્રી કદમ પાસે સેલ્સ, મેન્યુફેકચરીંગ, પ્રોડક્ટ ડિઝાઈન અને ડેવલપમેન્ટ સહિત વિધેયોમાં ૨૫ વર્ષથી વધુનો અનુભવ છે. મિસ્ટર કદમે બેંગ્લોર યુનિવર્સિટી ખાતે મેકેનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો છે અને પાછળથી બિઝનેસ મેનેજમેન્ટમાં વધુ લાયકાત મેળવી છે, માર્કેટિંગ, ફાઈનાન્સ અને એચઆરમાં વિશેષતા.

## સોની મેક્સ-૨ પર 'ટાઈમલેસ ડિજીટલ એવોડ્ર્સ' ની સીઝન 3નું પ્રસારણ



સોની મેક્સ-૨ 'ટાઈમલેસ ડિજીટલ એવોડ્ર્સ' પોતાની ત્રીજી સીઝન સાથે સદાબહાર અને અત્યાર સુધીની યાદગાર હિન્દી સિનેમાનો સમય લઈને દાયકાને એક વાર ફરીથી આકર્ષિત કરવા આવી રહ્યું છે. સોની મેક્સ-૨ ભારતીય સિનેમાની શરુઆતના પાયાનું સમ્માન કરતા આ ગૌરવશાળી યુગને યાદગાર બનાવી રહ્યાં છે. 'ટાઈમલેસ ડિજીટલ એવોડ્ર્સ' તે દિશામાં એક નવપ્રવર્તન અને સાચું પગલું છે. જે ભારતીય સિનેમાના પાયાના નિર્માણનો સમય હતો.ડિજીટલ એવોડ્ર્સનું સંચાલન વિશેષ રીતે તૈયાર માઈક્રોસાઈટ https: // max2awards.sonyliv.com/ ના માધ્યમથી થશે. પ્રશંસકોને બધી અગિયાર(૧૧) 'સદાબહાર' શ્રેણીઓમાં વોટ કરવાનો અવસર મળશે. યૂઝર્સ માટે વોટિંગ લાઈન ૨૦ માર્ચથી ૭ એપ્રિલ ૨૦૧૮ સુધી ચાલું છે.આમાં ભાગ લેવા માટે દર્શકોને ફેસબુક, ટ્વિટર અથવા એક સત્યાપિત ઈમેલ આઈડીના માધ્યમથી માઈક્રોસાઈટ પર લોગઈન કરવું પડશે. બધી શ્રેણીઓમાં વિજેતાઓનો નિર્ણય વધારે યુઝર વોટના આધારે કરવામાં આવશે અને તેમને ચેનલની દરેક સોશિયલ મીડિયા પેજીસ પર એક ડિજીટલ વોલ ઓફ ફેમથી સમ્માનિત કરવામાં આવશે.ઓનલાઈન થઈને પોતાનો વોટ કરો અને પોતાના મનપસંદ 'સદાબહાર' સ્ટાર્સને વોલ ઓફ ફેમ પર જૂઓ કારણકે આ ફક્ત ફિલ્મ જ નહિ પરંતુ ઈન્ડિયાની શાન છે

## સનહાર્ટ ફાઉન્ડેશન દ્વારા ર્ટ ફાઉન્ડેશન દ્વારા મૂકબધિર સમાજ માટેની સ્કૂલના બાળકો સાથે 'સ્માઈલીંગ સ્ટાર ડે'ની ઉજવણી



દેશની અગ્રણી સિરેમિક કંપની સનહારર્ટ ગ્રુપ દ્વારા મૂકબધિર સમાજની સ્કૂલના બાળકોને ૧૭ માર્ચ, ૨૦૧૮ના રોજ એક આનંદપ્રદ સરપ્રાઈઝ અપાઈ હતી, જેમાં કંપનીના સનહારર્ટ ફાઉન્ડેશન દ્વારા આનંદ અને ઉત્સાહ સાથેઆ બાળકોની સાથે 'સ્માઈલીંગ સ્ટાર ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમ કે જે સનહાર્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર સુ પ્રિયા વરમોરા અને સનહાર્ટ ગ્રૂપના ચેરમેન ભૂદર વરમોરાનું માનસસંતાન છે, તેનો પ્રારંભ સવારે ૮ વાગ્યે પવિત્ર દીપક પ્રાક્ટય, પ્રાર્થના તથા રાષ્ટ્રગાન સાથે થયો હતો, જેના પછી જુનિયર કેજીથી સિનિયર કેજી સુધીના નાના ભૂલકાંઓએ ડ્રોઈંગ કોમ્પિટિશનમા ભાગ લીધો હતો, જ્યારે ગ્રેડ ૧થી ગ્રેડ સુધીના બાળકોએ ચાર ટુકડીઓમાં વહેંચાઈને વિવિધ રસપ્રદ રમતો રમી હતી જેના કારણે ખુશહાલ આ બાળકોનાં ચહેરા પરભરપૂર હાસ્ય જોવા મળ્યું હતું. ત્યારબાદ તમામ બાળકોને સર્ટિફિકેટ અપાયા હતા તેમજ વિજેતાઓને મેડલ્સ અપાયા હતા.કેક કટિંગ સેરિમની પણ યોજાઈ હતી અને સાથે સ્પેશિયલ કિડ્સ સાથે ગ્રૂપ પિક્ચર્સ તેમજ સેલ્ફીનો પ્રોગ્રામ પણ યોજવામાંઆવ્યો હતો. આ પ્રોગ્રામનું સમાપન સવારે ૧૧ વાગ્યે જૂનિયર કેજીથી ગ્રેડ ૮ના તમામ બાળકોને કેક અને ફૂડ પેકેટ્સ આપીને કરાયો હતો.જેઓએ જ આ ગૃપનું વિઝન જોયું હતું અને ગ્રૂપ હવે આજે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઉપસ્થિતિ ધરાવે છે. ગત વર્ષે સનહાર્ટ ફાઉન્ડેશને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યુ હતું અને આવનારા વર્ષોમાં પણ તે આવી અનેક સીએસઆર એક્ટિવિટિઝ યોજવા માટે પ્રતિબદ્ધ છે જેથી સમાજને એક નવી રાહ અને નવી દિશા ચીંધી શકાય.

## હવે બેંક પોતાની છ્ર્ર અને બ્રાંડ નેટવર્કનો તાત્કાલિક વિસ્તરણ કરી શકશે – TCPSLએ પોતાના પરિવર્તનકારક ઉન્છ સોલ્યુશન્સ લૉંચ કર્યું



ભારતની પ્રથમ અને સૌથી મોટી વ્હાઈટ લેબલ એટીએમ (ડબલ્યુએલએ)ની માલિકી ધરાવતી અને સંચાલન કરતી ટાટા કમ્યુનિકેશન્સ પેમેન્ટ સોલ્યુશન્સ લિમિટેડ (ટીસીપીએસએલ)એ સહકારી બેંકોની કામગીરીની કાયાપલટ કરતાં ડબલ્યુએલએ સોલ્યુશન બ્રાન્ડ નેમ હેઠળ "ઈન્ડિકેશ એટીએમ" લોંચ કરવાની આજે જાહેરાત કરી હતી, જે દેશમાં બેંકોનાં એટીએમને સ્થાપિત કરવાનાં અભિગમને પુનઃવ્યાખ્યાયિત કરશે. નવું સોલ્યુશન સહકારી બેંકોને કો-બ્રાન્ડિંગ ગોઠવણ મારફતે ૮૫૦૦ ઈન્ડિકેશન એટીએમનાં વર્તમાન નેટવર્કનો ઉપયોગ કરીને વાજબી ખર્ચે તેમનાં એટીએમ નેટવર્કનું તાત્કાલિક વિસ્તરણ કરશે. "એટીએમ તેમની નજીકમાં વિવિધ બેંકિંગ અને નાણાકીય સેવા સુલભ કરવા સમૂહ માટે આવશ્યક ફિઝિકલ ટચપોઈન્ટ તરીકે જળવાઈ રહેશે. અમને સહકારી બેંકો માટે ગેમ ચેન્જિંગ એટીએમ મોડલ ઓફર કરવાની ખુશી છે. અમે ૮૫૦૦ એટીએમનું વિસ્તૃત નેટવર્ક ધરાવીએ છીએ અને એટીએમ નેટવર્કનું વ્યવસ્થાપન કરવામાં કાર્યકારી કુશળતા ધરાવે છે. આ પ્લેગ એન્ડ પ્લે એટીએમ ડિપ્લોયમેન્ટ સોલ્યુશનનો મુખ્ય ઉપયોગ એ છે કે તે બેંકોને લઘુતમ રોકાણ, કોઈ પણ કાર્યકારી અવરોધ વિના અને શૂન્ય મૂડીગત ખર્ચ સાથે તેનાં એટ-ીએમ કમ બ્રાન્ડનું તાત્કાલિક વિસ્તરણ કરવા સક્ષ બનાવશે. આ સોલ્યુશન સાથે હવે બેંકો બ્રાઉન લેબલ એટીએમને સ્થાપિત કરવા કરતાં ૧/૩ ઓછા ખર્ચે તેમની બ્રાન્ડની હાજરી વધારી શકે છે. એટીએમ ઉદ્યોગમાં નવીનતાઓ પ્રસ્તુત કરવા પોતાનાં પ્રયાસોનાં ભાગરૂપે ટીસીપીએસએલનું પથપ્રદર્શક ડબલ્યુએલએ સોલ્યુશન તમામ બેંકો એટલે કે સરકારી, ખાનગી, સહકારી, નાની અને પેમેન્ટ બેંકો અને એનબીએફસી માટે ડિઝાઈન કરેલ છે. ગુજરાતમાં ઈન્ડિકેશન રાજ્યનાં ૧૬ જિલ્લાઓમાં ૧૫૦ એટીએમ ધરાવે છે, જે લાખો લોકોને એટીએમની સુલભતા પ્રદાન કરે છે.

## ટાટા કેમીકલ્સે ભારતની પ્રથમ બ્રાન્ડેડ ફાર્મા.ગ્રેડ સોડીયમ બાયકાર્બોનેટ મેડીકાર્બ લોંચ કરી

મુંબઈ

દેશમાં સોડા એશ અને સોડીયમ બાયકાર્બોનેટની અગ્રણી ઉત્પાદક કંપની ટાટા કેમી.લી.ફાર્મા એપીઆઈ અને ફોર્મ્યુલેશન ઉત્પાદન માટે ભારતની પ્રથમ બ્રાન્ડેડ ફાર્મા.ગ્રેડ સોડીયમ બાયકાર્બોનેટ મેડીકાર્બ લોંચ કરવાની જાહેરાત કરી હતી. આનું ઉત્પાદક અત્યાધુનીક એફડીએ સર્ટીફાઈડ સુવિધાઓમાં થશે. જે જીએમપી ધારાધોરણે પુર્ણ કરે છે. જે ભારતીય ફાર્માકોપોઈયા સ્પેસીફીકેશનની ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન સુનિશ્ચિત કરે છે.

સોડીયમ બાયકાર્બોનેટની અતી શુદ્ધતાનો ઉપયોગ ફાર્માસ્યુટીકલ ઉદ્યોગમાં આલ્કલી તરીકે થાય છે. સોડીયમ બાય કાર્બોનેટ ચમકદાર એન્ટાસીડ, એનાલ્જેસીક ટેબ્લેટ અને પાવડર, વિટામીન સપ્લીમેન્ટ, ઈન્જેકટેબલ પાવડર, ટુથપેસ્ટ અને એન્ટાસીડ જેલ ફાર્મ્યુલેશનના ઉત્પાદનમાં આવશ્યક ઘટક તરીકે થાય છે. તેનો ઉપયોગ બફરીંગ એજન્ટ તરીકે પણ થાય છે. લોહીના શુદ્ધિકરણ દરમીયાન પીએચના સંતુલન માટે બાયકાર્બોનેટ આયન પ્રદાન કરવા થાય છે. પોતાના સોડીયમ બાયકાર્બોનેટ વ્યવસાય સાથે ટાટા કેમીકલ્સ સ્થાનીક અને

## એવોર્ડ વિજેતા આચાર્યાનો સાક્ષાત્કાર

મનુષ્યના જીવનની સૌથી ઉત્તમ મુડી એટલે માનવ જીવનના સંસ્કારો. જેમાં બે પ્રકારે તેનું સંવર્ધન થતું હોય છે. એક છે હકારાત્મક પાસું, બીજું છે નકારાત્મક વલણો..આવા એક સંસ્કાર તીર્થમાં હું અને મારાં શ્રીમતી અચાનક જાણે રસ્તો ગુમરાહ થઈ ગયા હોય તેમ સંસ્કારતીર્થના મેઈન ગેટ ઉપર પહોંચી ગયા. ખરેખર આ સંસ્કાર તીર્થ શ્રમ, શિક્ષણ અને સંસ્કારના ત્રિવણી સંગમ સમાન લાગી. આપણા રાજયમાં આવી સંસ્થાઓ આંગળીના વેઢે ગણી શકાય તેવી છે અને એ બધામાં અનોખી ભાત પાડતી બેનમુન અને બેજોડ એવી સંસ્થા કોઈ હોય તો એક ઋષિકુળની પરંપરાને ઉજ્જવળ અને સંસ્કૃત કરતી સંસ્થા એટલે સંસ્કારતીર્થ આજોલ. જેના મુખ્ય સ્થાને બિરાજમાન છે શ્રીમતી યોગીનીબેન મજમુદાર અને શિક્ષણની મુખ્ય ધરી સાથે સંકળાયેલ છે શ્રીમતી અંજનાબેન પટેલ. આ બંને પાયાના સ્તંભ બનીને અડીખમ સેવા આપનાર મહિલાઓ વંદનીય છે.અંજનાબેન પટેલને ગયા વર્ષે અમદાવાદ મેનેજમેન્ટ એસો.નો એવોર્ડ તેમની ઉત્તમોત્તમ શૈક્ષણિક અને સામાજીક સેવા માટે મળ્યો. અંજનાબેન કન્યા વિદ્યાલય સાથે સંકળાયેલા છે એ વાત સહેજ અધુરી ગણાય પણ એ બહેન કન્યાઓના જીવન શિક્ષણ અને સંસ્કાર સાથે ઓતપ્રોત થઈ ગયાં છે. જેને એક જ કામ ગમે છે.તેમની વિદ્યાર્થીનો સુયોજીત સમાજના વિકાસ સાથે વિકસીત થાય એવી ઉત્તમ ભાવનાના રંગે રંગાઈને આ સંસ્થામાં લગભગ અઢી દાયકાથી એ બહેન ફરજ બજાવે છે.

મારે આ સંસ્થામાં જઈને તેમની સાથે કેટલીક ઓફ બીટ ઈન્ટરવ્યુની વાત કરવાનું મન હતું એ મારી અપેક્ષાને માન આપીને અંજનાબેને એક કોલમ રાઈટર તરીકે મને ખુબ સન્માન સાથે તેમની ચેમ્બરમાં બેસાડયો, ચા પાણીની પ્રાથમિતા બાદ તેમની સાથે શિક્ષણ -સંસ્કાર, સમાજ અને શ્રમને બીરદાવતી તેમની સંસ્થા લગભગ પંદરેક વિભાગોમાં વહેંચાયેલી છે. તેમની મુલાકાતના અંશો અહીં તેમના શબ્દોમાં જોઈએ.

૧.પુરૂં નામ : શ્રી અંજનાબેન એન.પટેલ

૨.યોગ્યતા : એમ.એસ.સી.બી.એડ.એમ.એડ.

૩. હાલનું કાર્યક્ષેત્ર આચાર્યા સંસ્કાર તીર્થ આજોલ

૪.જ.તા.૨-૦૯૧૯૬૯ ઉં.વ.૪૮

૫. વ્યવસાયનું સ્થળ : કન્યા વિનયમંદિર-આજોલ

૬.રેસીડેન્સ : અમદાવાદ

૭.અધ્યયન અને અધ્યેતા સાથે કેવી રીતે વર્તો છો : પ્રેમથી.

૮. વિદ્યાર્થી, વાલી અને સમાજ સાથે હાર્મની જળવાય છે : હા..

૯. આજે ચારે તરફથી અવાજ આવે છે શિક્ષણ ખાડે ગયું છે એ વાત તમે સ્વીકારો છો ?.. ના જરાય નહીં. કેળવણીના માધ્યમથી શિક્ષણ સાર્થક થાય છે સંસ્કાર મૂલ્ય ઘડતર થાય છે.

૧૦. તમારી દ્રષ્ટીએ શિક્ષણનો મુખ્ય હેતુ જણાવશો ?

બાળકના તન, મન અને શરીરની સુષુપ્ત શક્તિઓ બહાર લાવે એ જ સાચી કેળવણી છે.

૧૧.ટયુશનલક્ષી શિક્ષણ પ્રથા આવકારદાયક છે : ના.

૧૨.ટયુશનપ્રથા નાબુદ કરી શકાય ? કઈ રીતે : હા.. દરેક શિક્ષક વિના મૂલ્યે બાળકને શિખવાડે ત્યારે.

૧૩.ટયુશન કરતી શિક્ષિકા પંદર વર્ષના કીશોર સાથે ફરાર થઈ જાય એ શું બતાવે છે ?... એ તેનું શારીરિક અને માનસીક આવેગોથી ભરેલું મન દર્શાવે છે.

૧૪.પરીક્ષાલક્ષી ટયુશન પ્રથાના બે મોટા ન્યુસન્સ જણાવશો ? ફકત પુસ્તકીયું જ્ઞાન અને ફકત ઔપચારિક શિક્ષણનો વ્યાપ.

૧૫. શિક્ષણ સંસ્થાઓ ખોલીને બેઠેલા સંચાલકો હાલમાં વિદ્યાર્થી, વાલી અને સમાજને તેમના બાનમાં રાખે છે આ બાબતે તમારા વિચારો જણાવશો ?

ફીની બાબતમાં સંચાલકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને બાનમાં રાખે છે અને શિક્ષણની પ્રેસ્ટીજ બગાડે છે.

૧૬. આજના પારંગત અનુપારંગત અને ફીલસુફીની યોગ્યતા ધરાવતા શિક્ષકોનું ઓછા વેતનથી શોષણ થાય છે એ બાબતે તમે કંઈ જણાવશો ?

ખરેખર મોટા ભાગની ખાનગી સંસ્થાઓ ઓછા વેતનથી શિક્ષકોનું ભયંકર શોષણ કરે છે, એ દુઃખદ બીના છે.

૧૭. આપને એએમએનો એવોર્ડ મળ્યો ત્યારે આપના પતિદેવને કેવી ફીલીંગ થઈ હતી ?... સારૂં લાગ્યું હતું છતાં પુરૂષ મર્યાદા પ્રમાણે ઈગો હટ થયેલો..

૧૮. આપની શૈક્ષણિક કારકીર્દીમાં એવો કોઈ વિશેષ અનુભવ કે એવીડન્સ બનેલો હોય તો પ્રતિક્રિયા આપશો ?

બસ દિકરીઓના અનુભવ એ જ મારા અનુભવ.

૧૯.એવોર્ડ માટે કોઈ વિશેષ ફીડબેક.. ટુંકમાં જણાવશો.., સાહેબ જે છે તે વાસ્તવિકતા છે. હું જે કર્મ કરૂં છું તે જ મારૂં ફીડ બેક ગણું છું.

૨૦. સાહિત્ય, સંગીત અને કલા વિશે તમારા વિચારો ... સંગીત ખુબ પ્રિય છે વિજ્ઞાનની શું પણ વાંચન લેખનમાં ખુબ જ દિલચશ્પી છે.

૨૧.આપના શોખ, રસના વિષયો.. વાંચન, લેખન, સાંસ્કૃતિક, સંગીત, એન્કરીંગ.

૨૨. આજના શિક્ષકો વાંચન વિમુખ થયા છે. એનું કારણ શું છે ? વ્યવસાય લક્ષી બની ગયા છે.. વ્યવસાય મળ્યો એટલે કામ પુરૂં..

૨૩.શિક્ષણમાં માર્ગદર્શિકાઓ, એસાઈમેન્ટસ, અપેક્ષિતો આ બધાનો વિસ્ફોટ થઈ ગયો છે.. આ અંગે આપના વિચારો કહેશો ? ધંધા વિકસાવવાનો રાફડો ફાટયો છે..

૨૪.રાઈટ ટુ એજ્યુકેશન એકટ મુજબ ભણતર ભારેખમ હોય કે હળવું ? એ કેવી રીતે થઈ શકે ?

ભણતર હળવું હોવું જોઈએ. બાળકો સાથે આદાન-પ્રદાન થવું જોઈએ.

૨૫. સ્ત્રી સશક્તિકરણ હોવા છતાં સ્ત્રીઓનું કામના સ્થળે ખુબ જ શોષણ થાય છે બે સુચન જણાવશો ?

હાલના સમયમાં સ્ત્રી સશકત થઈ જ નથી. પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રી દીલગીર બની જાય છે તેની મજબુરીનો લાભ ઉઠાવાય છે.

૨૬. હું અપેક્ષા રાખું આપ એક સર્વોત્તમ શિક્ષણકર્મી તરીકે જે સન્માન મળ્યું તે સન્માન સન્માનમાં નામાંકન થાય તો સહમત છો ?

મને એવોર્ડની અપેક્ષા નથી પરંતુ હું દિકરીઓની જે સંસ્થામાં કામ કરૂં છું મારી વિદ્યાર્થીનીઓનું મારૂં શિક્ષણ એ જ મોટો એવોર્ડ છે. મને મળેલો એવોર્ડ હું મારી દિકરીઓના પ્રગતિ અને વિકાસમાં અર્પણ કરૂં છું. ભગવાને મને આ સંસ્થામાં દીકરીઓ જોડે કામ કરવાનું પ્લેટફોર્મ પુરૂં પાડયું તે અને મારો સ્ટાફ અને કાર્યકર્તાઓ એ જ મારી મૂડી છે.છેલ્લે એવોર્ડ વિજેતા અંજનાબેન પટેલે મારૂં ખુબ સુંદર અને પ્રેમાળ સ્વાગત કર્યુ ઉપરાંત તેમના તમામ સંનિષ્ઠ સ્ટાફ મેમ્બર્સને જોતાં એવું લાગ્યું આ કોઈ ગુરુકુળ નથી પણ એક તેજસ્વી વિચારધારાવાળું ઋષિકુળ છે. પરમેશ્વર ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કરાવે અને સંસ્થા એક દેદીપ્યમાન, વિદ્યોત્તેજક મંજીલો સર કરે એ જ અભ્યર્થના..સંદર્ભ : અંજનાબેન પટેલ આચાર્યા સંસ્કાર તીર્થ, આજોલની મુલાકાત આધારીત.

**ડૉ.બી.પાટણવાડીયા**

## સંતોષમાં સાચુ સુખ

બપોરના બે વાગ્યાના સુમારે હું ગાડીમાં બહાર જવા નિકળેલ રસ્તામાં અમારા ખાસ અંગદ ગ્રાહકની વાડી આવી તેમાં અમારા ખેડૂતનો દિકરો લખમણ ઝાડના છાંયડે નિરાંતથી સુતો હતો. મે વિચાર્યુ આવડો જુવાન જોધ ખેડૂત આરામ કરે તે યોગ્ય નથી તેથી ગાડી વાડી બાજુ પાછી લીધી અને મને જોઈને લખમણ ઉભો થઈ ગયો અને કહેવા લાગ્યો કે આવો આવો આમ બપોરના અચાનક અને સામે ખાટલો ઢળી બેસવા કહ્યું. તને જોઈને આ બાજુ આવવાનું થયું. કેમ ? શુ કરે છે અત્યારે આરામ કેમ ? શેઠ વહેલો પાંચ વાગ્યે ઉઠીને દૂરના ખેતરમાં ગાડુ લઈને સાંતડે ગયેલ ત્યાંથી ૧૨ વાગ્યે પરત ફરી બળદોને નિરણ નાખી હું જમ્યો અને થોડીવાર આરામ કરતો હતો.

અરે ભાઈ, આરામ કરવાની તારી આ ક્યાં ઉંમર છે. તો શું કરૂ ? તમો જ અમારા વડીલ છો તો આપ જ સલાહ આપો ને. ભાઈ, લખમણ તારી પાસે કેટલી જમીન છે ? શેઠ ૨૦ વિધા છે, તો બીજી ૨૦ વિધા લઈ લે. અત્યારે બેંકો બહુ ધીરાણ કરે છે. બરોબર, શેઠ પછી શું કરૂ ? એક ટ્રેકટર લઈ લે ફુડ પ્રોસેસીંગનો ઉદ્યોગ બનાવ અને લોકો તારા ખેત ઉત્પાદન લોકો અહી ખરીદવા આવશે. પછી તેના વહીવટ માટે મોટો સ્ટાફ રાખ.

પછી શું કરૂ, શેઠ ?પછી તુ તારે નિરાંતે આરામ કર.

ખેડૂતના પુત્રએ સરસ જવાબ આપ્યો કે શેઠ આટલુ કર્યા પછી પણ જો મારે આરામ જ કરવાનો હોય તો આટલામાં સંતોષ માની આરામ કરૂ છું તે સારૂ. શેઠ તમારો આભાર આ છે એક ખેડૂત પુત્રની સંતોષની રૂપરેખા.

**ગંગારામ કે.કોટક રાધનપુર જિ.પાટણ**

સિને-સરિતા

# હોરર-કોમેડી ફિલ્મ 'સ્ત્રી'માં શ્રદ્ધા કપૂર દેખા દેશે



સુંદર અને ચુલબુલી અભિનેત્રી શ્રદ્ધા કપૂર રાજકુમાર રાવ સાથે હોરર-કોમેડી ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મનું નામ 'સ્ત્રી' રાખવામાં આવ્યું છે. તાજેતરમાં રાજકુમારે ફિલ્મના ક્લેપબોર્ડ સાથે એક તસવીર શેર કરી હતી, તેમાં તેણે લખ્યું હતું કે હવે અમારી પાસે ફિલ્મનું નામ છે.

હોરર-કોમેડી ફિલ્મ 'સ્ત્રી'નું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. શૂટિંગ રોમાંચક હશે. રાજનિધિ મોરુ અને ડીકે દ્વારા લિખિત 'સ્ત્રી'નું નિર્દેશન સતીશ કૌશિક કરશે. રાજ અને ડીકે 'શોર ઈન ધ સિટી',' ગો ગોવા ગોન' અને 'હેપી એન્ડિંગ' જેવી ફિલ્મો માટે જાણીતા છે. ફિલ્મ દ્વારા રાજકુમાર અને શ્રદ્ધા પહેલી વાર પરદા પર સાથે જોવા મળશે. અનુસંધાન પાના નં.૬ ઉપર



# શાહિદ કપુર શ્રદ્ધા કપુરની ફિલ્મને લઈ ઉત્સુકતા વધી



**બિહાઈન્ડ ધ સ્કીન**

સંજયલીલા ભણશાળીની લોકપ્રિય અને ભારે ચર્ચા જગાવનાર ફિલ્મ પદ્માવતની સફળતા બાદ હવે શાહિદ કપુર ખુબ ખુશ દેખાઈ રહ્યો છે. તે નવી ફિલ્મમાં કામને લઈને વ્યસ્ત થઈ ગયો છે. શાહિદ કપુર હવે નવી ફિલ્મ બત્તી ગુલ મીટર ચાલુને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે શ્રદ્ધા કપુર કામ કરી રહી છે. શ્રદ્ધા કપુર અને શાહિદ કપુરની જોડી અગાઉ પણ સાથે કામ કરી ચુકી છે. બન્નેની જોડી ફરી જાદુ જગાવવા માટે તૈયાર છે. ઉત્તરાખંડના તહેરી ખાતે બન્ને શુટિંગ કરી રહ્યા છે. ઓલ્ડ વર્લ્ડ માર્કેટમાં પણ ફિલ્મનુ શુટિંગ કરવામાં આવ્યુ છે. તહેરી વિસ્તારમાં શાહિદ અને શ્રદ્ધા કપુરને સ્થાનિક લોકો તરફથી ખુબ સહકાર મળી રહ્યો છે. શ્રી નારાયણસિંહના નિર્દેશન હેઠળ આ ફિલ્મ બની રહી છે. ફિલ્મ વિજળીની અછતના સામાજિક મુદ્દા પર આધારિત છે. ઈલેક્ટ્રીસિટી બિલમાં કઈ રીતે કમી આવી શકે અને અન્ય કેટલાક પાસામાં તેમાં ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ શાહિદ કપુર પદ્માવત ફિલ્મમા રાણા રતનસિંહના રોલમાં જોરદાર રીતે રોયલ દેખાયા બાદ હવે તે નવી ફિલ્મમાં નવા અવતારમાં કામ કરવા જઈ રહ્યો છે. શ્રદ્ધા કપુર પણ કેટલીક ફિલ્મ ધરાવે છે. જેમાં સાયના નહેવાલની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં બેડમિન્ટન ખેલાડીની ભૂમિકા અદા કરી રહી છે. શાહિદ કપુર પરિવારમાં પણ પુરતો ધ્યાન આપી રહ્યો છે. તેની નાની પુત્રી હવે નર્સરીમાં સ્કુલ જવા લાગી છે. તેની જવાબદારી સતત વધી રહી છે. શ્રદ્ધા કપુર ફિલ્મ આંશિકી-૨ ફિલ્મ મારફતે રાતોરાત સુપરસ્ટાર તરીકે ઉભરી આવી હતી. ત્યારબાદ તે કેટલીક મોટી ફિલ્મ કરી ચુકી છે.

# સુમધુર અને કર્ણપ્રિય ગીતોના લેખક આનંદ બક્ષી

**ફિલ્મી સિતારા-કમલેશ કંસારા**

આનંદ બક્ષી એક એવા ગીતકારનું નામ કે જેણે અનેક સફળ ફિલ્મોમાં સુમધુર ગીતો રચ્યા હતા. તેઓએ ગીત-કારોમાંના એક હતા. જેમણે એક પછી એક અને લગાતાર દર વરસે બહુચર્ચિત અને દિલને લોભાવતા યાદગાર ગીતોની રચના કરી છે.

આનંદ બક્ષીનો જન્મ ૨૧ જુલાઈ ૧૯૨૦ ના રોજ રાવલપીંડી ખાતે થયો હતો. માત્ર દસ વરસની વયે પોતાની માતાને ગુમાવનાર આનંદ બક્ષીનું પરિવાર દેશના વિભાજન બાદ ૧૯૪૭ માં ભારત રહેવાને માટે આવી ગયું. ૧૫ નવેમ્બર ૧૯૪૭ ના રોજ તેઓ 'કોર ઓફ સીગ્નલ્સ' ની સેવામાં જોડાયા અને જબલપુર ખાતે પ્રશિક્ષણ મેળવ્યું. ત્યારબાદ સ્વીચ બોર્ડ ઓપરેટર તરીકે કામ કર્યું. બાળપણથી ફિલ્મો પ્રત્યે શોખ હોવાથી આવા કામમાં એમનું મન ન લાગ્યું. આનંદ બક્ષીએ જીવનમાં એક જ સ્વપ્ન જોયું હતું અને તે હતું મુંબઈ જઈને પ્લેબેક સીંગર બનવું હતું. પોતાના સ્વપ્નને સાકાર કરવા તેઓ મુંબઈ આવી પહોંચ્યા. મુંબઈ આવ્યા બાદ એમના નસીબમાં ઠોકરો જ લખી હતી.

હારી થાકીને તેઓ દિલ્હી આવીને એક મોટર કંપનીમાં મોટર મીકેનીકની નોકરી સ્વીકારી લીધી પરંતુ એમનું મન તો મુંબઈ તરફ આકર્ષાયું હતું. છેવટે તેઓ પાછા પોતાનું ભાગ્ય અજમાવવાને માટે મુંબઈ આવી પહોંચ્યા.. આ વખતે એમની મુલાકાત ભગવાનદાદા સાથે થઈ. જેઓ 'બડા આદમી' ફિલ્મ માટે ગીતકાર શોધી રહ્યા હતા. એમણે આનંદ બક્ષીને પોતાની ફિલ્મ માટે એક ગીત લખવાનું કહ્યું. એના માટે તેઓ પૈસા આપવા પણ તૈયાર હતા પરંતુ આનંદ બક્ષીને ગીતકારના રૂપમાં ઘણો જ સંઘર્ષ કરવો પડેલો. અંતે સુરજ પ્રકાશની ફિલ્મ 'મહેંદી લગી મેરે હાથ' અને 'જબ જબ ફુલ ખીલે' પડદા પર આવતાં જ આનંદ બક્ષીના ગીતો 'પરદેશીઓ સે ન અખિયાં મીલાના' અને યહ સમા હૈ પ્યાર કા' જેવા લાજવાબ ગીતોએ એમને લોકપ્રિય બનાવી દીધા એ સમયે હિંદી ફિલ્મી જગતમાં હસરત જયપુરી, સાહીર લુધીયાનવી અને શૈલેન્દ્ર જેવા ગીતકારોની બોલબાલા હતી. આવા ગીતકારોની વચ્ચે આનંદ બક્ષીએ સુનીલ દત્ત અને નુતન અભિનીત ફિલ્મ 'મલીન' થી પ્રસિદ્ધિ મેળવી. આ ફિલ્મનું ગીત 'સાવન કા મહીના પવન કરે શોર અને રામ કરે એસા હો જાયે' જેવા હીટ ગીતોથી આનંદ બક્ષી ગીતકારોની દુનિયામાં સૌથી ઉપર આવી ગયા.

આજે પણ આનંદ બક્ષી દ્વારા લખાયેલા સુમધુર ગીતો લોકોની જુબાન પર જોવા મળે છે. ત્યારબાદ શક્તિ સામંત, રાજ ખોસલા, સુભાષ ઘઈ, યશ ચોપડા જેવા મોટા નિર્દેશકોની પ્રથમ પસંદ બન્યા. પ્રસિદ્ધ સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલના સંગીત નિર્દેશનવાળી ફિલ્મોના સ્થાયી ગીતકાર બની ગયા. જેટલી ફિલ્મોમાં 'દોસ્તી સિવાય) લક્ષ્મીકાંત પ્યારેલાલને શ્રેષ્ઠ સંગીતકારના ફિલ્મફેર પુરસ્કાર મળ્યા હતા. તેમાં ગીતો આનંદ બક્ષીએ લખ્યા હતા. ત્યારબાદ આનંદ બક્ષી માટે સુવર્ણ યુગ શરૂ થયો. અનેક હીટ ફિલ્મોમાં એક એકથી ચઢીયાતા ફિલ્મી ગીતો આપીને શ્રોતાઓને પોતાના દિવાના બનાવી દીધા.

બક્ષીસાહેબે ફિલ્મ 'મોમ કી ગુડીયા' માં બાગો મેં બહાર આઈ..' ગીત લતાજીની સાથે ગાયું હતું. ત્યાર બાદ અનેક ફિલ્મોમાં આનંદ બક્ષીએ પાર્શ્વ પ્લેબેક ગાયક રહ્યા હતા. આનંદ બક્ષીએ ગીતો લખવા ઉપરાંત શહનશાહ, પ્રેમપ્રતિજ્ઞા, મેં ખીલાડી તું અનાડી, આરજુ જેવી ફિલ્મોમાં એકશન ડાયરેકટર પણ રહી ચુકયા હતા અને ૧૯૬૬ માં આવેલ ફિલ્મ 'પીકનીક' માં અદાકારી પણ કરી હતી.

પોતાની ફિલ્મી કેરીયરમાં ૪૦૦૦ થી વધુ ગીતોની રચના કરનાર બક્ષીની એક ખાસીયત એ હતી કે એમના રચેલા ગીતોમાં દરેક નવા ગીતોમાં નવા રંગો ભરતા હતા. જીવનમાં સીગરેટ સાથે મિત્રતા કેળવતા અધિક સેવનના કારણે એમના ફેફસા ખલાસ થઈ ગયા હતા અને હૃદયની બીમારીથી છેવટે ૮૨ વર્ષની ઉંમરે એમના શરીરના અંગો કામ કરતા બંધ થઈ ગયા અને ૩૦ માર્ચ ૨૦૦૨ ના રોજ એમનું મૃત્યુ થયું હતું.

**કમલેશ કંસારા**





★કોમેડીયન રાજીવ નિગમ હમણાં હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ દ્વારા દર્શકોને હસાવી હસાવીને બેવડ વાળી રહ્યો છે. ચૈતુલાલની મુખ્ય ભૂમિકામાં તે આપણા રાજનેતાઓ પર હસી હસીને હુમલાઓ કરે છે તેમાં તેની પત્ની બનેલી અભિનેત્રી સમતા સાગર ઈરફાનખાનની જબરી પ્રશંસક છે. તે કહેછે કે હિંદી મીડીયમ મારી સૌથી માનીતી ફિલ્મ છે પરંતુ સૌથી મહત્વની વાત છે રાજીવ નિગમની રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કલાકા પ્રકાશ રાજ સાથેની મુલાકાત. એક કાર્યક્રમમાં તેની મુલાકાત પ્રકાશ રાજ સાથે થઈ ત્યાર પછી રાજીવે કહ્યું હતું કે હું તેનું રાજકારણ વિશેનું જ્ઞાન જોઈને અત્યંત પ્રભાવિત થયો હતો. તેની સાથેના મુલાકાત મારા ચૈતુલાલના રોલ માટે પ્રેરણા બની રહી છે. એક ભ્રષ્ટ રાજકીય નેતા કેવી રીતે દેશનું ભલું કરવાને બદલે પોતાનાં ગજવાં ભરવાના જ સપનાં જોયા કરતો હોય છે તેને સુપેરે રજુ કરવાની પ્રેરણા અને પ્રકાશ રાજને મળ્યા પછી આવી. આમ રાજીવ નિગમ માટે પ્રકાશ રાજ અને સમતા સાગર માટે ઈરફાનખાન પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં છે.

**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★બોલીવુડમાં કુછ ના કહો બ્લફ માસ્ટર, દમ મારો દમ જેવી બ્લોક બસ્ટર ફિલ્મો આપનાર દિગ્દર્શક હવે ટચુકડા પડદે નિર્માતાની ભૂમિકા અદા કરી રહ્યા છે. તેઓ ટીવી પર ખાન નં.૧ શો બનાવી રહ્યા છે .જોકે આમાં પણ તેઓ કેટલાંક પસંદગીના એપીસોડ્સનું દિગ્દર્શન પણ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, રોહન સિપ્પી સ્વયં આ શો ડીઝાઈન કરી રહ્યા છે તેથી તેના વિઝયુઅલ્સ કમાલના છે. રોહન સિપ્પીએ પણ આ વાતને સમર્થન આપતાં કહ્યું હતું કે, આ ધારાવાહીકમાં ઢોંગી બાબાઓથી લઈને ઈન્કમટેક્ષ અધિકારીઓ અને રીઅલ એસ્ટેટના અપરાધીઓથી લઈને પરીક્ષા તેમજ ઈન્ટરનેટના ગોટાળાબાજોને રજુ કરવામાં આવશે અને આ બધી કહાણીઓ વાસ્તવિક ઘટનાઓ પર આધારીત હશે.

★બોલીવુડની પીઢ અદાકારા રેખા કંઈ કેટલીય અભિનેત્રીઓ માટે રોલ મોડેલ બની રહી છે. હવે આ યાદીમાં તું સુરજ મેં સાંજ પીયાજી ની અભિનેત્રી રીચા શર્માનું નામ જોડાયું છે. આ સીરીયલમાં રીયાએ પરિપકવ અને લાલીત્ય પુર્ણ અદામાં રજુ કરવાની હતી ત્યારે શોની ક્રીએટીવ ટીમ વિચાર કરી રહી હતી કે તેને આ અવતારમાં શી રીતે રજુ કરવી તે વખતે રીયાએ રેખાના જાજરમાન દેખાવને અનુસરવાની ઈચ્છા વ્યકત કરી હતીતેણે કહ્યું હતું કે હું રેખાની બહુ મોટી પ્રશંસક છું. તેઓ તેમના વાસ્તવિક જીવનમાં કેટલાં ઠરેલ, લાલીત્યપુર્ણ અને ઠસ્સાદાર દેખાય છે. મારા રોલ માટે તેમના જેવો દેખાવ પરફેકટ લાગ્યો હતો. તેથી મેં તેમાં તેમના જેવા દેખાવાનું પસંદ કર્યું છે. ઈશ્વર કૃપાથી હમણાં મારી કારકીર્દી સારી રીતે આગળ વધી રહી છે આમ છતાં હું રેખાએ કર્યું તેના એક ટકા જેટલું કામ કરીશ તોય મને ભાગ્યશાળી માનીશ.

# ઝીરોમાં કેટરિનાનો રોયલ લૂક નજરે પડ્યો



ટોચની અભિનેત્રી કેટરિના કૈફનો ફિલ્મ ઝીરોનો ફર્સ્ટ લૂક રિલિઝ કરાયો હતો જેમાં એ કોઈ રાજપરિવારની હોય એવો એનો ઠસ્સો હતો.ઔઆનંદ એલ રાયની આ ફિલ્મમાં શાહરુખ ખાન પહેલીવાર આધુનિક ટેક્નોલોજીની સહાયથી વહેંતિયાનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મમાં એની સાથે અનુષ્કા શર્મા, કેટરિના કૈફ અને તાજેતરમાં અવસાન પામેલી અભિનેત્રી શ્રીદેવી ચમકી રહી છે. અગાઉ કેટરિનાનો ઠગ્સ ઑફ હિન્દુસ્તાનનો ફર્સ્ટ લૂક રિલિઝ થયો હતો. એ ફિલ્મમાં કેટરિના આમિર ખાન સાથે ચમકી રહી છે. જો કે ફિલ્મમાં કેટરિનાનો રોલ થોડો નાનો છે. મુખ્ય રોલ દંગલ ફેમ ફાતિમા સના શેખનો છે. થોડા સમય પહેલાં એણે કહ્યું હતું કે મને ત્રણે ખાન સાથે ફિલ્મો કરવા મળી છે એ બાબતને હું મારું સદ્ભાગ્ય ગણું છું. હાલ એ શાહરુખ ખાન સાથે ઝીરો, આમિર ખાન સાથે ઠગ્સ ઑફ હિન્દુસ્તાન કરી રહી છે અને સલમાન ખાન સાથેની એની ટાઈગર જિંદા હૈ તાજેતરમાં રજૂ થઈ ચૂકી હતી. કેટરિનાએ કહ્યું કે ઝીરોમાં હું ટોચની ફિલ્મ સ્ટારનો રોલ કરી રહી છું પરંતુ એ રોલ કેટરિના કૈફનો એટલે કે મારો પોતાનો નથી. ફક્ત ટોચની અભિનેત્રીનો રોલ છે.

**બીહાઈન્ડ ધ સ્કીન**

# પ્રિયા પ્રકાશને અનેક ફિલ્મોની ઓફરો મળી ચુકી છે : રિપોર્ટ



**ઓન ધ સ્કીન**

થોડાક સમય પહેલા મીડિયા પર પ્રિયા પ્રકાશ વોરિયરની ચારેબાજુ ચર્ચા રહી હતી. મલયાલી ગત માનિકા મલયારા પુવીમાં પોતાની અદાઓના કારણે લોકોના દિલ જીતી લેનાર પ્રિયા પ્રકાશ રાતોરાત સુપરસ્ટાર ઈન્ટરનેટ સેન્સેશન બની ચુકી છે. તેની પાસે કેટલીક નવી ફિલ્મોની ઓફર પણ આવી રહી છે. જો કે તે કોઈ હિન્દી ફિલ્મ કરી રહી છે કે કેમ તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. પ્રિયા સાથે જોડાયેલી કેટલીક આશ્ચર્યજનક બાબત સપાટી પર આવી છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે પ્રિયા કોઈ પણ પ્રકારના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી નથી. એક ઈન્ટરવ્યુમાં તેના પિતાએ કહ્યુ છે કે પ્રિયાની પાસે મોબાઈલ છે પરંતુ તેમાં સિમ કાર્ડ નથી. આવી સ્થિતીમાં તેના તમામ ફોન તેની માતાના ફોન પર આવે છે.

સ્ટાર પ્રિયા પ્રકાશના પિતાના કહેવા મુજબ તે માત્ર એ વખત સુધી ઈન્ટરનેટ ચલાવે છે જ્યાં સુધી તેની પાસે હોટ સ્પોટ એક્સેસ હોય છે. પોતાની પુત્રીની મહત્વકાંક્ષી અંગે વાત કરતા પિતાએ કહ્યુ છે કે તે એક સામાન્ય યુવતિ છે. જો કે જીવનમાં તે જુદી જુદી મહત્વકાંક્ષા ધરાવે છે. સોશિયલ મિડિયામાં હાલમાં તે સૌથી વધારે ચર્ચ કરવામાં આવતી સેલિબ્રિટી તરીકે ઉભરી ચુકી છે. સોશિયલ મિડિયા પર તહેલકા મચાવનાર પ્રિયાએ થોડાક દિવસ પહેલા ગુગલ પર અભૂતપૂર્વ લોકપ્રિયતા હાંસલ કરી હતી. ગુગલ સર્ચ ટ્રેન્ડમાં સૌથી વધારે સર્ચ કરવામાં તે આગળ આવી હતી. તે ગુગલ ચર્ચ કરવાના મામલે તે સની લિયોન, કેટરીના કેફ અને અન્ય અભિનેત્રીઓ કરતા આગળ નિકળી ગઈ હતી. સાથે સાથે ઈન્સ્ટાગ્રામ પર પણ તેના ફોલોઅર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. પ્રિયાનો સંપર્ક કેટલાક નિર્માતા નિર્દેશક કરી રહ્યા હોવાના હેવાલ મળ્યા છે. પ્રિયા પોતાની હાલની કેરિયરથી સંતુષ્ટ છે.

# કરીશ્મા ફિલ્મોમાં કામ કરી શકશે કે કેમ કહી ન શકાય



**સીને**

બોલિવુડની વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી કરિશ્મા કપુર ઘણા વર્ષો બાદ હવે નિર્દેશક આનંદ એલ રાયની ફિલ્મ જીરોમાં મહેમાન કલાકાર તરીકે નજરે પડનાર છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન, કેટરીના કેફ અને અનુષ્કા શર્મા મુખ્ય રીતે કામ કરી રહ્યા છે. ફિલ્મને લઈને કરિશ્મા પણ આશાવાદી છે. આશરે છ વર્ષ પહેલા રજૂ થયેલી વિક્રમ ભટ્ટની ફિલ્મ ડેન્જરસ ઈશ્ક મારફતે કરિશ્મા કપુરે બોલિવુડમાં વાપસી કરી હતી પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર સંપૂર્ણપણે ફલોપ સાબિત થઈ હતી. હવે તે ફરી ફુલ પ્લેશ ફિલ્માં એન્ટ્રી કરશે કે કેમ તે અંગે પુછવામાં આવતા કરિશ્મા પોતે કોઈ નિવેદન કરવાની સ્થિતીમાં નથી. કરિશ્મા કપુરે કહ્યુ છે કે તે હવે ફિલ્મમાં ફરી કામ કરી શકશે કે કેમ તે અંગે કહેવાની સ્થિતીમાં નથી. તેનુ કહેવુ છે કે તે આશાવાદી ચોક્કસપણે છે પરંતુ કોઈ વાત કરવી સરળ નથી. તેનુ કહેવુ છે કે તે પોતાને સતત વ્યસ્ત રાખે છે. આના માટે સતત કામ કરતી રહે છે. જાહેરાતોમાં કામ કરતી રહે છે. અનેક ઈવેન્ટમાં પણ ભાગ લેતી રહે છે. તેનુ કહેવુ છે કે ફિલ્મમાં તેને નિહાળવા માટે ચાહકોને રાહ જોવાની ફરજ પડી શકે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે કરિશ્મા કપુર પહોંચી હતી. તેનુ કહેવુ છે કે માતાનો અર્થ માસ્ટર ઓફ મલ્ટી ટાસ્કિંગ તે માને છે. તેનુ કહેવુ છે કે તેની લાઈફમાં ત્રણ મહિલા સૌથી મહત્વપૂર્ણ છે. જેમાં માતા, તેની પુત્રી અને તેની બહેન કરીનો સમાવેશ થાય છે. તેમની પાસેથી અનેક બાબતો શિખી છે. કરિશ્મા પોતાના સમયમાં સુપરહિટ સ્ટાર તરીકે રહી હતી.

# સલમાનની સાથે સોનાક્ષીને દબંગ-3 ફિલ્મ મળી



દબંગ ફિલ્મ મારફતે બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદ અનેક સુપરહિટ ફિલ્મો આપી ચુકેલી અભિનેત્રી સોનાક્ષી વધુ કેટલીક મોટી ફિલ્મમાં કામ કરી રહી છે. તેને સલમાન ખાન સાથેની દબંગ-3 ફિલ્મ પણ હવે મળી ગઈ છે. તે બોલિવુડની પોતાની ફિલ્મોથી ખુશ છે. તેની હોલિવુડની ફિલ્મોમાં કામ કરવાની કોઈ યોજના નથી. તે અહીંની ફિલ્મોમાં વધારે સંતુષ્ટ દેખાઈ રહી છે.જો કે સોનાક્ષીએ કહ્યુ છે કે હોલિવુડમાં કામ કરી રહેલી પ્રિયંકા ચોપડા અને દિપિકાની ભૂમિકાથી તે ખુશ છે. સાથે સાથે ગર્વ પણ અનુભવ કરે છે. બન્ને અભિનેત્રીના કારણે ભારતનુ નામ થઈ રહ્યુ છે. બન્ને અભિનેત્રીઓએ બોલિવુડની સાથે સાથે હવે હોલિવુડ ફિલ્મોમા લોકપ્રિયતા જગાવી છે. ૩૦ વર્ષીય સોનાક્ષીએ કહ્યુ છે કે તે અહીં ખુબ ખુશ અને સંતુષ્ટ છે. જેથી બહારની ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક નથી. અનુસંધાન પાના નં.૬ ઉપર

# સારા ખાનની ફિલ્મ કેદારનાથ હવે આગામી વર્ષમાં રજૂ થશે



બોલિવુડના લોકપ્રિય અભિનેતા સેફ અલી ખાનની પુત્રી સારા અલી ખાનની પ્રથમ ફિલ્મ કેદારનાથ હવે વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર નથી. તેની રજૂઆતને લઈને કેટલાક પ્રશ્નો સપાટી પર આવ્યા છે. આના કારણે ફિલ્મને હવે ૨૦૧૯માં રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મના નિર્માતા અને નિર્દેશક વચ્ચે ખેંચતાણ હોવાના હેવાલ મળ્યા છે. તેમની વચ્ચે ખેંચતાણના કારણે ફિલ્મ આ વર્ષે પણ રજૂ થશે કે કેમ તેને લઈને ચાલી રહેલી ચર્ચાનો અંત આવ્યો છે. હવે આ ફિલ્મને વર્ષ ૨૦૧૯માં રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ફિલ્મમાં સારા ખાનની સાથે સુશાંત સિંહ રાજપુત નજરે પડનાર છે. સુશાંત આશાસ્પદ સ્ટાર તરીકે રહ્યો છે. તેની પાસે પણ સારી ફિલ્મો આવી રહી છે. મુળભૂત રીતે આ ફિલ્મને ૨૧મી ડિસેમ્બરના દિવસે રજુ કરવામાં આવનાર હતી પરંતુ હવે ફિલ્મની રજૂઆતને ટાળી દેવામાં આવી છે. મતભેદોને દુર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## ડીસા બજાર...

પાના નં .૧ ચાલુ

ડીસા વિધાનસભામાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ગોવાભાઈ દેસાઈ તેમજ ધાનેરા વિધાનસભાના ભાજપના ઉમેદવાર તરીકે માવજીભાઈ દેસાઈ ચૂંટણી હારી જતાં માર્કેટયાર્ડની આ ચૂંટણી પર વિધાનસભા હારજીતના પરીણામોની મોટા પાયે અસર વર્તાય તેવું જોવા મળી રહ્યું છે. માર્કેટ સમિતિના ઈતિહાસમાં પ્રથમ વખત દરેક વિભાગોમાં ઉમેદવારોનો રાફડો ફાટયો છે. ત્યારે માવજીભાઈ દેસાઈ ભાજપ પ્રેરીત પેનલ બનાવી અને માર્કેટયાર્ડ સર કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. સામે પક્ષે માજી ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના પુત્ર સંજયભાઈ દેસાઈ કોંગ્રેસ પ્રેરીત પેનલ સાથે માર્કેટયાર્ડમાં પગપેસારો કરવાનો પ્રયત્નો કરી રહ્યા છે. આજના ફોર્મ પરત ખેંચાવાના અંતિમ દિવસ બાદ જ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

## થરાદના ખાનપુરથી...

પાના નં .૧ ચાલુ

કરી રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા તેના માટે પણ પાણી નહી લેવા દેતાં પશુધનને શું ખવડાવીશું તેની ચિંતા થરાદ-વાવ પંથકમાં ખેડૂતોના ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છેકે થરાદ-વાવ પંથકમાં લીલા તથા સૂકા ઘાસચારાની તીવ્ર અછતના કારણે ખેડૂતોને નાછૂટકે મોંઘી કિંમતે બહાર ગામથી વેચતો ચારો ખરીદવો પડી રહ્યો છે .

## ખેડૂતો પાસે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

વેરાયટીના બટાટા સંપાદન કરવામાં આવેલ છે. આ બટાકાના જથ્થાને સંપાદન કરવા માટે પ્રાયોગિક ધોરણે શરુઆતના તબક્કામાં બનાસકાંઠાના અંદાજિત ૪૬ ખેડૂતોની રૂબરૂમાં પ્રશ્નોત્તરી ચર્ચા કરીને ખેડૂતોની મેરીટ યાદી બનાવીને તેમાંથી ખેડૂતોની પસંદગી કરી, કોન્ટ્રક્ટર પદ્ધતિથી કરાર કરેલ નીતિ-નિયમોથી ખેતી કરાવીને બનાસ ડેરીના અધિકારીઓ દ્વારા સમયાંતરે પાક અવલોકન કરી દૂધ સંઘ દ્વારા બટાટા સંપાદન કરી પ્રતિ કિલોએ રૂ.૯.૦૦ના પોષણક્ષમ ભાવથી બટાટા ખરીદવામાં આવેલ છે.

બનાસ ડેરીએ નવી દિશામાં પગલા પાડ્યા છે. બટાટાના વાવેતર વિષે તાલીમ આપવામાં આવી અને તા. ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર ૨૦૧૭ દરમ્યાન બિયારણ આપવામાં આવ્યું જેનું વાવેતર કરવામાં આવેલ. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠાના ખેડૂતો માટે અનોખી પહેલ કરવામાં આવી છે.

ખેડૂતો પાસે ગુણવત્તાયુક્ત બટાટાનું વાવેતર કરાવીને તેમાંથી વેલ્યુએડેડ પ્રોડક્ટ અમૂલ હેપી ટ્રીટ ફ્રેન્ચ ફ્રાઈઝ, હેશ બ્રાઉન, વેજ બર્ગર પેટ્ટી, વેગી સ્ટીક્સ, પોટેટો વેજીસ અને આલુ ટીક્કી જેવી ફ્રોઝન પ્રોડક્ટ બનાવીને બજારમાં મુકવામાં આવી છે જેને વિવિધ બજારોમાં ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ખાણીપીણીના રસીયાઓને આ ખાદ્ય બનાવટો ખૂબ સ્વાદિષ્ટ લાગી છે. અમૂલ પાર્લરો પર આ બનાવટો ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને ત્યાંથી સારું વેચાણ થાય છે.

## સતત બીજી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સુવિધાના નિર્માણ અને જાળવણીમાં ભાગ લે છે. સમિતિની બેઠકમાં શાળા વિકાસ યોજનાને ધ્યાનમાં રાખીને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.

એસ.એમ.સી.ની ટેલી કોન્ફરન્સમાં પણ સમીતિના તમામ સભ્યો હાજર રહે છે. સોલંકીવાસ (જેનાલ) પ્રા. શાળામાં દર મહિને સમિતિની બેઠક મળે છે. સમિતિને શ્રેષ્ઠ એસ.એમ.સી.નું સન્માન મળવાની એકલ્પોઝર વિઝીટ પણ ગોઠવવામાં આવેલ છે. શ્રેષ્ઠ એસ.એમ.સી.નું સન્માન મળવાથી સોલંકીવાસ(જેનાલ) પ્રાથમિક શાળાની સમિતિ અન્ય શાળાઓની સમિતિ માટે પ્રેરણારૂપ કામગીરી કરી રહી છે.

## ડીસા રોટરી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ભીલડી દ્વારા ચાલતી ''ઈંગ્લીશ મિડીયમ સ્કુલ રોટ-રી'' જોઈને ખુબ જ પ્રભાવિત થયા હતા. તથા ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રે મેચીંગ ગ્રાન્ટ આપવાની જાહેરાત પણ ગવર્નરે કરી હતી.

આ પ્રસંગે વિવિધ સંસ્થામાંથી પધારેલા આમંત્રિતો દ્વારા ગવર્નરનું સન્માન કરવામાં આવ્યું હતું. તથા છેલ્લે સેક્રેટરી રોટે.યશવંતભાઈ ખત્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તથા કાર્યક્રમ દરમ્યાન જરૂરિયાતમંદોને ટ્રાયસિકલ, સીવવાનો સંચો તથા વ્હીલચેર દાતાોઓના સૌજન્યથી આપવામાં આવેલ.

## થરાદમાં આજે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સોનીએ જણાવ્યું હતું કે તા ૨૩ માર્ચ ૨૦૧૮ ના રોજ શહિદદિન નિમિત્તે જીલ્લાના ૩૫૦ એચ.આઈ.વી ગ્રસ્ત બાળકોના લાભાર્થે જીલ્લા યુવામોર્ચા અને થરાદ શહેર અને તાલુકા મંડલ દ્વારા રાત્રે ૮ થી ૧૨ સુધી દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ અને લોકડાયરો યોજાશે.જેમાં ગુજરાતનાં જાણીતા ગાયીકા ફરીદા મીર અને અનેક નામી કલાકારો ઉપસ્થિત રહીને દેશભક્તિ ગીતો અને ડાયરાની રમઝટ મચાવશે. કાર્યક્રમમાંથી વધેલ રકમનો ખર્ચ બનાસકાંઠા જીલ્લાના ૩૫૦ એચ.આઈ.વી પોઝીટીવ અનાથ બાળકોના અભ્યાસ પાછળ કરવામાં આવશે. કાર્યક્રમમાં દરેક મંડલના પ્રમુખ મહામંત્રીઓનું નડાબેટના ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ માટે તથા સાથે સાથે જીલ્લાના શહીદોના પરિવારોનું પણ સન્માન કરવામાં આવશે.

## શ્રી તપોવન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આપેલ. આ પ્રસંગે સોમાભાઈ .પ્રજાપતિ થરા - ,બલાજી રાઠોડ-જિ.પં.સભ્ય કિરીટભાઈ ઠક્કર ગિરીશભાઇ પટેલ - પૂર્વ.સરપંચ તાણા ,અલ્પેશભાઈ શેઠ - પ્રમુખ થરા શહેર કોંગ્રેસ, ચંદુજી વી.ઠાકોર -સરપંચ ઈન્સપેક્ટર બનાસબેંક થરા, તેજાભાઈ દેસાઈ તાલુકા પંચાયત સદસ્ય,પ્રવિણાબેન એસ.રાવલ - આચાર્યાશ્રી થરા, પ્રહલાદભાઈ એલ. આચાર્ય - શિક્ષકશ્રી, પ્રધાનજી રાઠોડ - આચાર્ય ખીમાણા, વિપુલભાઈ પ્રજાપતિ, વિનોદભાઇ પંચાલ, ભુરાભાઇ જોષી, કરશનભાઈ જોષી-જય ફર્નિચર થરા, મનોજભાઈ ઠક્ક, બકુભા. વી.વાઘેલા, ફોર્ચ્યુન હાઈટ, ગૌતમભાઈ જોષી, ઈકબાલ મેમણ, ભલાભાઈ પટેલ, નાથુભા વાઘેલા તેમજ તપોવન વિધાલય ના સ્ટાફમિત્રો અને તાણા - થરાના નગરજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.સ્વાગત પ્રવચન પ્રમુખ પ્રકાશભાઈ રાઠોડે કર્યું હતું. આ કાર્યક્ર્મમાં સ્ટેજ સંચાલન દિપકભાઈ જોશી- સાહિત્યકાર તથા કાર્યક્રમ નું સફળ સંચાલન બળદેવભાઈ વી.રાવલે કરેલ.આભાર વિધિ શાળા ના શિક્ષક દશરથભાઈ પ્રજાપતિએ કરી હતી.

## સંત શ્રી રાજેશ્વર ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રાજેશ્વર ભગવાનની આંજણા ચૌધરી સમાજ દવરા રામનવમી ના પવિત્ર દિવસે ૧૩૬ મી જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવશે

સંત શ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાન નું ભવ્ય આશ્રમ અને મંદિર રાજસ્થાન ના સિકારપુરા ગામે આવેલ છે તેમજ ગુજરાતના થરાદ તાલુકા ના મેસરા દિયોદર તાલુકાના ચગવાડા તેમજ લાખણી સહિત રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ગામોમાં સંત શ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનના નાના મોટા મંદિરો આવેલ છે જે મંદિરે રામ નવમીના પવિત્ર દિવસે સંત શ્રી રાજેશ્વર ભગવાનની ૧૩૬ મી જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે જેમાં રાજસ્થાનના સિકારપુરા થરાદના મેસરા લાખણી તેમજ દિયોદર તાલુકા ના ચગવાડા ગામે આવેલ સંત શ્રી રાજેશ્વર ભગવાનના નિજ મંદિરે પણ દર વર્ષેની જેમ આ વર્ષે (તારીખ ૨૫/૩/૨૦૧૮) રામનવમીના પવિત્ર દિવસે સંત શ્રી રાજેશ્વર ભગવાનની હર્ષો ઉલ્લાસ સાથે૧૩૬ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે તો રામ નવમીની આગલી રાત્રે તારીખ ૨૪/૩/૨૦૧૮ ના રોજ મંદિર પટાગણમાં ભજન સત્સંગ યોજાશે જેમાં ખ્યાતનામ કલાકરો દવરા ભજન ની રમઝટ બોલાવશે સંત શ્રી રાજસેશ્વર ભગવાનની જન્મ જયંતિ ને લઈને આંજણા ચૌધરી સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો સાથે સાથે સમાજ દ્વારા સંત શ્રી રાજેશ્વર ભગવાનની જન્મ જયંતિને લઈને મંદિર પટાગણ માં પૂર્વ તૈયારી પણ આરંભી દેવામાં આવી છે.

## ડીસા તાલુકાના...

પાના નં .૮ ચાલુ

પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાઈ છે. દૂધ ડેરીના મંત્રી દલાભાઈ હરિભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ૧૩ ઓગસ્ટ ૨૦૧૬માં કેટલાક ગ્રાહકો દૂધમાં ભેળસેળ કરી દૂધ ભરાવવા આવતા હતા. જેની ફરિયાદના આધારે સાત માસ સુધી દૂધ મંડળી બંધ રહી હતી. બાદમાં ૮ માસ બાદ ફરીથી નવો સ્ટાફ દ્વારા દૂધ મંડળી શરૂ કરવામાં આવી. તેમ છતાં ફરીથી આ સમસ્યા ઉભી થઇ હતી. જોકે આ વખતે દૂધમાં ભેળસેળ થતું હોવાની બુમરાડને પગલે દૂધનું પરીક્ષણ કરવા લેબોરેટરીના માણસો બોલાવવામાં આવ્યા હતા. લેબોરેટરીમાં દૂધમાં ભેળસેળ થતું હોવાનું જણાતા દૂધ ડેરીની કમિટી બોલાવવામાં આવી હતી અને આ મામલે કોઇ નિરાકરણના જણાતા દૂધ ડેરી બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. જોકે દૂધ ડેરીને ખંભાતિ તાળા વાગતા ગામના દૂધ ભરાવવા આવતા વિધવા મહિલાઓ તેમજ નાના પશુ પાલકોને દૂધ ભરાવવા ક્યાં જવું તે મહત્વનો યક્ષ પ્રશ્ન ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યો છે.જો આગામી સમયમાં આ મામલે કોઈ નિર્ણય લેવામાં નહિ આવે તો ગ્રામજનો ગાંધી ચીધ્યા માર્ગે જઇ ભૂખ હડતાલ પર ઉતરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

## લોરવાડા - ભીલડી ...

પાના નં .૮ ચાલુ

ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે મોત થવા પામ્યું હતું. આ બાબતે સ્ટેશન માસ્તર શિવલાલ મીણાએ ભીલડી રેલ્વે પોલીસને જાણ કરતા ભીલડી રેલ્વે પોલીસના ભાવેશભાઈ અને રઘુભાઈ સહિત પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશને પી.એમ. અર્થે ભીલડી રેફરલ હોસ્પિટલમાં લાવી પી.એમ. કરાવી વાલી વારસોને સુપરત કરી હતી. આ બાબતે ભીલડી રેલ્વે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ ભીલડી રેલ્વે એ.એસ.આઈ. ભરતભાઈ કાંનજીભાઈએ હાથ ધરી છે.

## થરાદ પાલિકાના...

પાના નં .૮ ચાલુ

નગરપાલિકાના કેટલાક કર્મચારીઓ તેમની ફરજમાં ખુબ જ ઉદાસીનતા દાખવવાના કારણે નગરજનોના સામાન્ય કામો પણ નહી થતાં હોવાનો સુર અનેક અરજદારોમાં ઉઠવા પામ્યો હતો. જેના કારણે ચીફઓફીસર આક્રમક બનીને સ્ટાફને શિસ્તમાં લાવવાનાં પગલાં લઈ રહ્યા છે. જે પણ કેટલાક કર્મચારીઓને નહી ગમતું હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું છે. તેમાંય ચીફઓફીસર દ્વારા તેમની સત્તાનો ઉપયોગ કરતાં કર્મચારીઓમાં ફફડાટની લાગણી પ્રસરવા પામી છે.બીજી બાજુ સિવિલ એન્જીનીયરની નવી ભરતી ન થાય ત્યાં સુધી સિવિલ કામગીરીનો ચાર્જ આર એન્ડ બી સ્ટેટના એસ.ઓ કે એન્જીનીયરને આપવો જોઇએ તો સારી કામગીરી થશે તેવી માંગ નગરના પ્રબુદ્ધ નાગરીકોમાં ઉઠવા પામી છે.

## એક બોલેરો...

પાના નં .૮ ચાલુ

જ્યારે કુલદીપને વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડાયો હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અકસ્માત બાદ બોલેરો ચાલક નાસી છૂટયો હતો.શહેરના હાર્દ સમા માર્ગો પર બેફામ ગતિથી ચાલતા વાહનચાલકોના બેદરકારીભર્યા ડ્રાઈવિંગને કારણે છાશવારે બનતી અકસ્માતની ઘટનાઓને લઈને નગરજનોમાં રોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ સ્થળે જ તાજેતરમાં વાવ રોડ પર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા થરાદના વજેગઢ ગામમાં રહેતા શિક્ષક જેઠાભાઇ પરમારના બીજા પુત્રનું પણ પુત્રનું પણ કરૂણ મોત થવા પામ્યું હતું.આવા જીવલેણ અને ગંભીર અક્સ્માતો આ હાર્દસમા રોડ પર સર્જાતા હોવાના કારણે તંત્ર દ્વારા તાકીદે લોકોની માંગણી સંતોષાવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## વડગામના ...

પાના નં .૮ ચાલુ

ડમ્પરોએ વિજળીના તાર તોડી નાંખતા રીપેરીંગ કરવા પડયા હતા. સરપંચ મહેન્દ્રપુરી ગોસ્વામી દ્વારા આ અંગે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા વરણવાડાના સાંકડા માર્ગોમાંથી પસાર થતા ઓવરલોડ માલવાહન કરતા ટ્રકો - ડમ્પરો સામે પગલાં ભરાયા નથી.

ગઈકાલ તા.૨૧/૩/૨૦૧૮ બુધવાર સવારે વરણાવાડા ગામમાં એક ટ્રક ફસાઈ જતાં રીવર્સ મોકલવામાં આવી હતી.

## જંતુનાશક દવાયુકત...

પાના નં .૮ ચાલુ

છંટકાવ કરવામાં આવે છે. ખેતીવાડી અધિકારી અને વૈજ્ઞાનિકો દ્વારા નિયત કરવામાં આવેલા પ્રમાણ કરતા પણ બમણી દવા ઓનો ખેડૂતો દ્વારા ઉપયોગ કરવામાં આવે છે તેવું ડો.યોગેસ પવાર, વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું હતું. વધુમાં અત્યારે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા નિયત કરવામાં આવતી જરૂરિયાત કરતા પણ ખેડૂતો વધારે દવાઓનો ઉપયોગ કરે છે, જેના કારણે આપના મોટાભાગના શાકભાજી કે ફળો આરોગ્ય માટે યોગ્ય ન હોવાના કારણે અન્ય દેશોમાં નિકાસ થતી નથી તેવું પણ જણાવ્યું હતું.

મોટાભાગની શાકભાજી અને ફળો પર જંતુનાશક દવાઓનો એટલો પ્રભાવ હોય છે કે તેના કારણે કેટલાક તત્વો શાકભાજીના અંદર સુધી હોવાના કારણે શરીર માટે ખુબજ હાનિકારક હિય છે જેથી અન્ય દેશોમાં તેનો નિકાસ થતો નથી અને તેવા તમામ શાકભાજી આપના દેશમાં બિન્દાશ પણે લોકો આરોગે હોય છે કેટલીક દવાઓ પર તો અન્ય દેશોમાં બેન છે પણ આપણા દેશમાં તેવી દવાઓનો પણ ભરપુર ઉપયોગ થાય છે ત્યારે ખેડૂતો કૃમિ, ઈયળ ,જીવાત અને કીટક થી પાક ને બચાવવા માટે આવી દવાઓનો ભરપૂર ઉપાયોગ કરી રહ્યા છે.ત્યારે અગ્રણી ખેડૂત કનવરજી ઠાકોર એ જણાવ્યું હતું કે હાલમાં કોઈપણ પણ વાવેતર કરવું હોય તો દવા પહેલેથીજ નાખવી પડે છે , જો દવા ના નાખીએ તો ઉત્પાદન બરાબર મળતું નથી અને વિવિધ રોગ ના કારણે પાક નાશ પામે છે.

જ્યારે જીતુ પટેલ ખેડૂત એ જણાવ્યું હતું કે, હાલમાં કોઈ પણ પાક માટે જંતુનાશક દવાઓનો ખેડૂતો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે , જેનાથી સૌ પહેલા ખેડૂત અને પછી બીજાને નુકશાન થાય છે વળી કેટલીક દવાઓ પર વિદેશમાં પ્રતિબંધ છે જ્યારે તેવી દવાઓ પણ ભારતના ખેડૂતો ઉપયોગ કરી રહ્યા છે

કેમિકલ અને રસાયણ યુક્ત શકભાજીના કારણે હોવી શાકભાજીમાં પણ કોઈ ટેશત રહ્યો નથી પરંતુ ગ્રાહક નિર્દોષ ભાવે આવી ફ્રેશ અને લીલીછમ શાકભાજી ખરીદી જાણે અજાણે ખોરાક ની સાથે ધીમું જાહેર પણ પોતાના પેટમાં નાખી રહ્યો હોય છે. શાકભાજી લેનાર ગીતાબેન માળી એ જણાવ્યું હતું કે, શાકભાજીમાં હોવી પહેલા જેવો ટેસ્ટ રહ્યો નથી, કેમિકલ વાળા શાકભાજીથી શરીરને નુકશાન તો થાય પણ શું કરીએ લેવી પડે છે.

ઉત્તર ગુજરાતમાં ખુબજ મોટા પ્રમાણમાં શાકભાજીનું ઉત્પાદન થાય છે અને આ તમામ શાકભાજીનું વધુ ઉત્પાદન મેળવવા માટે આડેધડ દવાઓનો છંટકાવ અને ઓછી ગુણવત્તા વાળી દવાઓનો બેફામ ઉપયોગ કરાય છે થાયોડાઈ, એન્ડોસલ્ફાન જેવી દવાઓનો ૬૨ દેશોમાં પ્રતિબંધ છે તેમ છતાં ભારત માં આવી દવાઓનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. કેળા અને કેરી પકવવા માટે કેલ્શિયમ કાર્બાઇડનો ઉઅપયોગ થાય છે જે ડાયેરિયા ,અલ્સર અને ગર્ભપાત જેવી શમસ્યા નોતરે છે, રીંગણ, ટામેટાને વધારે ચમકદાર બનાવવા માટે મોબાઈલ ઓઈલનો ઉપયોગ કરવામાં આવે છે ફ્લાવરને સફેદ અને ફ્રેશ રાખવા માટે કે પછી અનુ શાકભાજીઓ લીલી, ચમકદારને સાઈઝ વધારવા માટે ઓક્સિટોસીન દવાઓનો જે ઉપયોગ કરવામાં આવે છે જેનાથી કિડની, શ્વાસનળી, કેન્સર, અલ્સર જેવી બીમારીનો ભોગ બનવું પડે છે. ત્યારે ડો.અરવિંદ પરમાર, સિવિલ સર્જનએ જણાવ્યું હતું કે, શાકભાજીમાં જે રીતે દવાઓનો બેફામ ઉપયોગ થાય છે તેનાથી શરીને ભારે નુકશાન થાય છે અને જો તેના માટે ખેડૂતો જાગૃત નહી થાય તો આગામી સમયમાં કેન્સર જેવી ભયંકર બીનારીમાં આપણે સૌ સપડાઈશું તેમાં કોઈ શંકા નથી.

## ટેટોડાની...

પાના નં .૮ ચાલુ

ટ્રકમાં ચડાવી ચપ્પાની અણીએ બાનમાં લઈ તેમના હાથ, આંખો અને મોઢા ઉપર પાટા બાંધી દીધા હતા અને બંનેના બે મોબાઈલ (કિંમત રૂા. ૧૧,૦૦૦, રોકડા રૂા. ૨૭૦૦૦) પડાવી લઈ ટ્રકમાં પડેલી જીરાની ૨૮૬ બોરી (કિંમત રૂા. ૨૧,૦૦,૦૦૦) અન્ય વાહનમાં ભરાવી કુલ રૂા. ૨૧,૩૮,૦૦૦ નો મુદ્દામાલ લૂંટીને ફરાર થઈ ગયા હતા.

રાજસ્થાની ટ્રક ડ્રાયવરે આ મતલબની પાંચ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ડીસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પી.આઈ.એ.ટી. પંચોલીએ સ્ટાફ સાથે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, આ ટ્રક ડીસા નગરપાલિકાના સીસીટીવીના કેમેરામાં કેદ થઈ ગયેલ હોય પોલીસ તે દિશામાં તપાસ હાથ ધરેલ છે.

## શ્રદ્ધા

અનુસંધાન ૫ નું ચાલુ

શ્રદ્ધાએ ટ્વિટર પર 'સ્ત્રી' ફિલ્મ અંગે વાત કરતાં લખ્યું હતું કે મને એ જણાવતાં અત્યંત આનંદ થાય છે કે હું મારા ફેવરિટ કલાકારમાંથી એક રાજકુમાર રાવ સાથે કામ કરવા જઈ રહી છું. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં શ્રદ્ધા કપૂર અને ફરહાન વચ્ચેના સંબંધોને લઈ ખૂબ જ ચર્ચા થઈ હતી.

શક્તિ કપૂર આ વાતે નારાજ પણ હતો અને શ્રદ્ધા અલગ રહેવા ચાલી ગઈ હતી તેવા પણ સમાચાર હતા. થોડો સમય શ્રદ્ધા ફરહાનથી દૂર રહ્યા બાદ ફરી એક વાર બંને વચ્ચેના સંબંધો સામાન્ય છે. 'રોકઓન-૨'ના સેટ પર બંને એકબીજાની ખૂબ જ નજીક આવી ગયાં હતાં, જોકે શ્રદ્ધાનો પરિવાર ક્યારેય પણ આ સંબંધને લઈ સહજ ન હતો.

## સલમાન

અનુસંધાન ૫ નું ચાલુ

આવનાર સમય અંગે કોઈ વાત કરવાનો સોનાક્ષીએ ઈન્કાર કર્યો છે. બોલિવુડમાં નવી નવી અભિનેત્રી વચ્ચે ચાલી રહેલી ગળા કાપ સ્પર્ધાને લઈને સોનાક્ષી ચિંતિત નથી. જો કે તેની પાસે પણ હાલમાં ઓછી ફિલ્મો હાથમાં આવી રહી છે.

બોલિવુડના નિર્માતા નિર્દેશકો મોટા ભાગે નવા કલાકારોને લઈને ફિલ્મો બનાવી રહ્યા છે. નવી નવી અભિનેત્રી બોલિવુડમાં દરરોજ પ્રવેશી રહી છે. સોનાક્ષીએ પોતાની કેરિયરની શરૂઆત સલમાન ખાન સાથે દબંગ મારફતે કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. ત્યારબાદ તેની લોકપ્રિયતા સતત વધી હતી. દબંગ-૨ ફિલ્મમાં પણ તે સલમાન ખાનની સાથે નજરે પડી હતી.

## સારા ખાન

અનુસંધાન ૫ નું ચાલુ

ફિલ્મને હવે વર્ષ ૨૦૧૯ના પ્રથમ અથવા તો બીજા મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મની ઉત્સુકતા છે. કારણકે તે સેફ અલી ખાનની પુત્રી સારા ખાનની ફિલ્મ છે. આ ફિલ્મ મારફતે તે બોલિવુડમાં એન્ટ્રી કરી રહી છે. ફિલ્મના શુટિંગને ચાર મહિનામાં પૂર્ણ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ફિલ્મ લવ સ્ટોરી ફિલ્મ છે. સહ નિર્માતા ભુષણ કુમારે કહ્યુ છે કે તેમની ફિલ્મ નક્કી કરવામાં આવેલી તારીખે હવે રજૂ કરવામાં આવી રહી નથી. ફિલ્મને ટાળવા માટેના કારણો ભુષણ કુમારે આપ્યા નથી. જો કે સારા ખાન અને સુશાંત રાજપુત ચોક્કસપણે ફિલ્મની રજૂઆત વહેલી તકે થાય તેમ ઈચ્છે છે. ફિલ્મ ૬૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે.

# અજય દેવગનની ફિલ્મ રેડની કમાણી ૪૦ કરોડથી વધુ થઈ

બોલિવુડના લોકપ્રિય સ્ટાર અજય દેવગનની નવી ફિલ્મ રેડને બોક્સ ઓફિસ પર સારી સફળતા મળી રહી છે. આ ફિલ્મે શરૂઆતમાં જ ૪૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. ફિલ્મ મોટી હિટ તરફ વધે તેવી શક્યતા છે. કારણ કે શરૂઆતના ત્રણ દિવસમાં તેને સારો પ્રતિસાદ મળ્યો છે. ફિલ્મમાં તે ઓફિસરની ભૂમિકામાં છે. આ રોલમાં તમામ લોકો તેને પસંદ કરી રહ્યા છે. તેના ટિકાકારો પણ તેની પસંદગી કર્યા વગર રહી શક્યા નથી. દરેક દિવસની સાથે ફિલ્મની આવક વધી રહી છે. બોક્સ ઓફિસ ઈન્ડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે રવિવારના દિવસે ફિલ્મની કમાણીમાં આશરે ૨૫ ટકાનો વધારો થયો હતો. રવિવારના દિવસે કારોબારમાં ૧૭ કરોડનો વધારો થયો હતો. શુક્રવાના દિવસે અને શનિવારના દિવસની તુલનામાં ફિલ્મે સારો કારોબાર કર્યો હતો. વિકેન્ડમાં પદ્માવતિ બાદ આ બીજી ફિલ્મ બની છે જે આટલી આવક પર પહોંચી છે. દેશના તમામ હિસ્સામાં ફિલ્મની આવક વધી છે. જો કે ઉત્તરપ્રદેશના આગરા, વારાણસી, કાનપુર અને અન્ય મોટા શહેરોમાં તેની આવક ૪૦થી ૫૦ ટકા સુધી વધી ગઈ છે. નિર્દેશક રાજ કુમાર ગુપ્તા દ્વારા આ ફિલ્મ બનાવવામાં આવી છે. ફિલ્મ રેડ વાસ્તવિક ઘટના પર આધારિત ફિલ્મ છે. જેમાં અજય દેવગન ઈનકમ ટેક્સ ઓફિસરની ભૂમિકા અદા કરી રહ્યો છે. ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી ઈલિયાના ડી ક્રુઝ મુખ્ય રોલમાં છે. જે તેની પત્નિના રોલમાં નજરે પડી રહી છે. બન્નેની કેમિસ્ટ્રી ખુબ લોકપ્રિય રહી છે. બન્ને અગાઉ કેટલીક ફિલ્મોમાં સાથે કામ કરી ચુક્યા છે. બાદશાહો અને અન્ય ફિલ્મમાં પણ બન્ને સાથે કામ કરી ચુક્યા છે. ફિલ્મ સારી સફળતા મેળવી લેવાની દિશામાં આગળ વધી રહી છે. અજય એક્શન સ્ટાર તરીકે વધુ લોકપ્રિય છે. ઈલિયાના પોતે અજયથી ખુબ પ્રભાવિત રહી છે.

# કૃતિ- આદિત્ય રોય કપુરની જોડી નવી ફિલ્મમાં ચમકશે



વર્ષ ૨૦૧૮માં બોલિવુડની કેટલીક નવી જોડી જોવા મળી શકે છે. આના ભાગરૂપે જ હવે કૃતિ સનુન અને આદિત્ય રોય કપુરની જોડી જોવા મળી શકે છે. આ ફિલ્મ નિર્દેશક મોહિત સુરીની રોમેન્ટિક ફિલ્મ રહેશે. રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો કૃતિ સનુન અને આદિત્ય રોય કપુર આ ફિલ્મમાં લેવા માટે વાતચીત ચાલી રહી છે. જો કે ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવનાર છે. બન્નેની પસંદગી નિશ્ચિત દેખાઈ રહી છે. માત્ર ઔપચારિકતા જાહેર કરવાની જરૂર છે. આદિત્ય રોય કપુરે બોલિવુડમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. તેની આંશિકી-૨ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે શ્રદ્ધા કપુર જોવા મળી હતી. રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો આ ફિલ્મનુ શુટિંગ ગયા વર્ષે શરૂ કરવામાં આવનાર હતુ. જો કે હવે ટુંક સમયમાં જ શુટિંગ હાથ ધરવામાં આવનાર છે. પહેલા ફિલ્મનુ શુટિંગ કેટલાક કારણોસર હોલ્ડ પર રાખવામાં આવ્યુ હતુ. મોહિત સુરીની સાથે આદિત્ય રોય કપુર આ પ્રોજેક્ટને લઈને વાતચીત કરી રહ્યા છે. આ ફિલ્મ આદિત્યની અન્ય તમામ ફિલ્મો કરતા અલગ પ્રકારની ફિલ્મ છે. આ ઉપરાંત કૃતિ પોતે પણ સતત મોહિત સુરીની સાથે પ્રોજેક્ટ પર શક્યતાને લઈને વાતચીત કરી રહી છે. જો કે તેમની ફિલ્મમાં કામ કરવાની મંજુરી અને ફિલ્મ માટે ડેટ આપવાની બાબતને લઈને કામ બાકી છે.

હાલમાં કૃતિ ચંદીગઢમાં દિલજીત દોસાંજની ફિલ્મ અર્જુન પટિયાળાના શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરી લીધા બાદ તે નવી ફિલ્મમાં કામ કરનાર છે. કૃતિએ બોલિવુડ કેરિયરની શરૂઆત ટાઈગર સાથે હિરોપંતિ મારફતે કરી હતી. જો કે ત્યારબાદ તેની પાસે કેટલીક ફિલ્મો આવી હોવા છતાં તેને સંપૂર્ણ સફળતા મળી શકી નથી. બરેલી કી બરફી ફિલ્મમાં તેની એક્ટિંગ કુશળતાની નોંધ લેવામાં આવી હતી.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર(કીલોના)** | |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૨૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૨૦૦ |
| સોનુ તોલો | ૩૧૦૦૦-૩૧૨૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૧૯૦** |
| પામોલીન | ૧૧૭૦ |
| સોયા રીફાઈન | ૧૪૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૮૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૮૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૬૯૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૨૦** |
| તિરૂપતી કપા. | ૧૩૩૦ |
| ૫ લીટર | ૪૨૦ |
| વનસ્પતિ ઘી | ૧૧૩૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૮૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૦૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૬૦ |
| ૫ લી. | ૪૦૦ |
| ૨ લી. | ૧૬૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૪૦૦-૩૪૫૦** |
| **ખાંડ એમ.** | **૩૫૦૦-૩૪૫૦** |
| ખાંડએલ. | ૩૫૦૦-૩૬૫૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૬૮૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૦૦ |
| મેંદો | ૬૮૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦-૧૮૦ |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૦૦ |
| લસણ | ૩૦૦-૭૦૦ |
| ધાણા | ૪૦૦-૫૦૦ |
| મરચાં | ૪૦૦-૬૦૦ |
| લીંબુ | ૯૦૦-૧૬૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૭૦૦-૮૦૦ |
| રીંગણ | ૨૪૦-૩૦૦ |
| ટામેટા | ૧૦૦-૧૪૦ |
| ભીંડા | ૭૦૦-૮૦૦ |
| કોબી | ૧૨૦-૧૪૦ |
| વટાણા | ૪૦૦-૫૦૦ |
| ટીંડસા | ૫૦૦-૬૦૦ |
| ગવાર | ૮૦૦-૧૪૦૦ |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૩૦- ૧૮૦ |
| તુવેર | ૬૦૦-૮૦૦ |

# પત્નીએ પતિને કહ્યું " દીકરીઓના ભણતર પાછળ રૂપિયા વાપરવાના છે,વધુ ફાળો આપો "

### રાધનપુર તાલુકાના મેમદાવાદનો પ્રેરક પ્રસંગ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર-સાંતલપુર તાલુકાના ઠાકોર સમાજના ૧૪ માં સમુહલગ્ન માટે સમાજના અગ્રણીઓ અને ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો ફાળો એકત્ર કરવા માટે ગામે-ગામ ફરીને સમાજમાંથી ફાળો ઉઘરાવી રહ્યા છે, અને સમાજમાંથી જબરદસ્ત આવકાર મળી રહ્યો છે, અને લોકો ઉત્સાહભેર ફાળો નોંધાવી રહ્યા છે. પરંતુ બુધવારે મહેમદાવાદ ગામે એક પ્રેરક પ્રસંગ બની ગયો, જે ઠાકોર સમાજ માટે જ નહિ પણ તમામ સમાજો માટે પ્રેરક છે. સમાજના અગ્રણીઓ જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ,પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી,જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અજમલજી ઠાકોર,તાલુકા પંચાયતના પૂર્વ ડેલિગેટ જયંતીજી ઠાકોર સહીત સમાજના કેશાજી ઠાકોરના ઘરે ફાળો લેવા માટે ગયા ત્યારે કેશાજી ઠાકોરે ઉત્સાહભેર રૂ.૧૧૦૦ નો ફાળો લખાવ્યો હતો.પરંતુ તેમના પત્ની સતિબેન બાજુમાં જ ઉભા હતા તેમણે કહ્યું કે રૂ.૧૧૦૦ નહિ પણ રૂ.૨૫૦૦ ફાળો આપો,આ ફાળો આપણા સમાજની દીકરીઓના ભણતર પાછળ જ વાપરવાનો છે, અને તુરંત જ રૂ.૨૫૦૦ ફાળો આપ્યો હતો.આ દર્શાવે છે કે ઠાકોર સમાજના યુવાનો જ નહિ પણ હવે તો ઠાકોર સમાજની બહેનો પણ જાગૃત બની છે,જે સમાજ માટે એક સારા સંકેત છે.

# પાટણના પોલીસ કર્મી અને તેમની પત્નિને અકસ્માતમાં ઈજા

પાટણ

પાટણ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી જગદીશભાઈ અને તેમની પત્નિ ગત શુક્રવારે મોડી રાત્રે પાટણ-ઉંઝા હાઈવે પર બાલીસણા ગામ નજીકના હાઈવે પર બાઈક ઉપર જતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં પતિ-પત્નિ બંનેને સારવાર અર્થે ખસેડાયા હતાં. પાટણ જિલ્લા પોલીસ હેડકવાર્ટસમાં આઉન્ટેન્ડ શાખામાં ઘોડેશ્વર પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતાં જગદીશભાઈ અને તેમના પત્નિ સાથે બહારગામથી પાટણ તરફ તેમના બાઈક પર ગત શુક્રવારે મોડી રાત્રે આવી રહ્યા હતા ત્યારે બાલીસણા નજીક હાઈવે પર એક અજાણ્યા બોલેરો ગાડીના ચાલકે તેમને ટક્કર મારતા પોલીસ કર્મી જગદીશભાઈ અને તેમના પત્નિને પગે તથા શરીરના અન્ય ભાગે ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ડીસા** | | જીરૂ | ૨૫૯૦-૨૬૭૯ |
| એરંડા | ૭૮૫-૭૯૫ | અડદ | ૫૬૦ |
| રાયડો | ૬૬૦-૭૦૯ | **ધાનેરા** | |
| ઘઉં | ૩૨૧-૩૬૩ | ઘઉં | ૩૦૨-૩૫૦ |
| બાજરી | ૨૫૦-૨૭૬ | બાજરી | ૨૪૮-૨૮૬ |
| રાજગરો | ૭૫૦-૯૦૦ | એરંડા | ૭૮૦-૭૮૯ |
| જીરૂ | ૨૫૭૩-૨૭૩૭ | સુવા | ૮૮૫-૯૬૫ |
| ઈસ. | ૧૪૩૬ | ઈસ. | ૧૧૦૦-૧૪૧૨ |
| **લાખણી** | | જીરૂ | ૨૦૯૧-૨૭૭૦ |
| એરંડા | ૭૭૯-૭૯૧ | વરી. | ૧૨૦૦-૧૪૨૫ |
| રાયડો | ૬૭૦-૭૦૦ | તલ | ૧૪૫૦-૧૫૦૫ |
| ગવાર | ૭૫૩ | મેથી | ૬૪૧-૬૭૨ |
| વરી. | ૧૨૦૦-૧૮૦૦ | રાયડો | ૬૪૦-૭૦૫ |
| ઈસ. | ૧૩૦૦-૧૪૦૫ | રાજગરો | ૭૦૦-૮૬૪ |
| સુવા | ૮૦૦-૯૨૧ | ગવાર | ૭૩૧-૭૭૬ |
| સરસવ | ૭૭૬ | અન્ય | ૭૪૦-૭૯૧ |
| રાજગરો | ૭૮૦-૮૩૦ | **થરાદ** | |
| જીરૂ | ૨૪૭૦-૨૫૭૦ | ધાણા | ૭૮૦-૮૦૦ |
| અજમો | ૭૫૧ | એરંડા | ૭૦૦-૮૮૦ |
| બાજરી | ૨૭૦ | રાયડો | ૬૮૫-૭૪૦ |
| ર.બાજરી | ૩૪૬-૩૮૦ | જીરુ | ૨૩૦૦-૩૨૦૦ |
| **પાલનપુર** | | મેથી | ૭૪૦-૧૨૧૧ |
| બાજરી | ૨૪૩-૨૫૮ | ગવાર | ૭૫૦-૭૭૩ |
| ઘઉં | ૩૦૦-૪૦૧ | ઈસબગુલ | ૧૩૦૦-૧૫૪૧ |
| ચણા | ૬૫૦-૬૭૭ | **રાહ** | |
| એરંડા | ૭૮૦-૭૯૫ | રાયડો | ૬૯૦-૭૧૦ |
| રાયડો | ૬૫૦-૬૯૦ | એરંડા | ૭૮૦-૭૯૦ |
| વરી. | ૧૦૦૦-૨૮૧૫ | બાજરી | ૨૮૦-૩૩૦ |
| જવ | ૨૮૦-૨૯૦ | ચીકુડી | ૧૦૬૦-૧૨૦૦ |
| **નેનાવા** | | ઈસ. | ૧૨૫૦-૧૪૩૦ |
| બાજરી | ૨૭૦-૩૦૦ | **થરા** | |
| ગવાર | ૬૮૦-૭૫૧ | જીરૂ | ૨૨૮૦-૩૦૬૦ |
| અસાળીયો | ૭૦૦-૭૫૧ | એરંડા | ૭૮૫-૭૯૪ |
| અજમો | ૧૦૦૦-૧૨૦૦ | રાયડો | ૬૬૫-૭૧૫ |
| રાયડો | ૬૭૦-૭૦૭ | ઘઉં | ૩૧૦-૩૫૮ |
| એરંડા | ૭૭૫-૭૮૯ | ગવાર | ૭૪૪-૭૬૦ |
| મગ | ૭૦૦ | બાજરી | ૨૫૦-૨૬૮ |
| મઠ | ૬૩૨ | મેથી | ૫૫૦-૬૭૧ |
| જીરૂ | ૨૫૦૦-૨૯૨૯ | **પાટણ** | |
| સુવા | ૮૮૬-૯૮૨ | જીરૂ | ૨૪૫૦-૨૮૧૧ |
| રાજગરો | ૭૬૦-૮૨૫ | વરી. | ૧૦૦૦-૧૬૯૦ |
| ઈસ. | ૧૨૦૦-૧૪૫૧ | મેથી | ૪૦૦-૬૫૦ |
| મેથી | ૬૦૧ | સુવા | ૮૦૦-૯૯૧ |
| જવ | ૩૦૦ | રાયડો | ૬૦૦-૭૨૪ |
| તારામીરા | ૮૫૧ | એરંડા | ૭૬૦-૭૯૪ |
| સરસવ | ૭૫૦-૮૬૧ | ઘઉં | ૩૦૮-૩૭૯ |
| **ભીલડી** | | બાજરી | ૨૧૦-૨૫૦ |
| એરંડા | ૭૭૫-૭૯૧ | જુવાર | ૬૬૦-૭૭૮ |
| રાયડો | ૬૨-૭૦૫ | રાજગરો | ૭૪૦-૮૩૬ |
| રાજગરો | ૭૦૦-૮૬૦ | જવ | ૨૯૬ |
| બાજરી | ૨૩૦-૨૬૧ | મગ | ૬૯૯ |
| ઘઉં | ૩૦૬-૩૪૬ | અડદ | ૪૭૧-૬૮૮ |
| ગવાર | ૭૭૦ | ગવાર | ૭૦૦-૭૫૦ |
| સરસવ | ૮૫૦ | કપાસ | ૭૦૦-૧૦૩૦ |

# મહેસાણાઃ ૫ શિક્ષકોએ ધો ૧૦ની ગુજરાતીની પરીક્ષા આપી

મહેસાણાઃ મહેસાણાની વર્ધમાન અંગ્રેજી માધ્યમ હાઇસ્કુલના આચાર્ય સહિત પાંચ શિક્ષક ધોરણ ૧૦માં ગુજરાતી વિષયની પરીક્ષામાં વિદ્યાર્થી બન્યા હતા.પરા શાળા કેન્દ્રમાં સવારે પ્રાદેશિક રાજભાષા ગુજરાતીની પરીક્ષા આપીને વિદ્યાર્થીઓની પરીક્ષા લેતા શિક્ષકોએ વર્ષો પછી પરીક્ષાર્થી બની વિદ્યાર્થી કાર્યકાળની યાદ તાજી કરી હતી. રાજ્ય બહારના સીબીએસસી કે અન્ય શિક્ષણબોર્ડની પદવી સાથે અંગ્રેજી માધ્યમમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોએ બુધવારે ધો ૧૦માં દ્વિતીય ભાષા તરીકે ગુજરાતીના પેપરમાં પરીક્ષાર્થી બન્યા હતા. સરકારના કેટલાક ક્ષેત્રોમાં રાજ્યમાં ફરજ બજાવતા કર્મીઓને પ્રાદેશિક ભાષા વિષયની પરીક્ષા ઉતિર્ણ કરવી ફરજીયાત છે એમ અન્ય ક્ષેત્રમાં પણ આવી શકે. અને આવા કર્મીઓ એકટર્નલ તરીકે પરીક્ષા આપતા હોય છે.

જોકે શિક્ષકો માટે સરકાર દ્વારા હજુ રાજય ભાષાની પરીક્ષા ફરજીયાત કરાયેલ નથી. આગોતરા આયોજનમાં રાજભાષા ગુજરાતી વિષયની પરીક્ષાનો શિક્ષકોએ વિદ્યાર્થી બનીને અનુભવ મેળવ્યો હતો.સ્કુલના આચાર્ય દીપકભાઇ દેસાઇ, સુપર વાઇઝર ઇશ્વરભાઇ દરજી, જેમ્સ જોમસ, તુંજીદાસિંગ મેડમ, રામ્યા કે નાયર મેડમે ગુજરાતીની પરીક્ષા આપી હતી.

# સગાઈના બીજા દિવસે મંગેતર સાથે ફરવા જતાં યુવકનું અકસ્માતમાં મોત

મહેસાણા

સગાઇના બીજા જ દિવસે મંગેતરને લઇને ફરવા નીકળેલા દેવરાસણના યુવનનું ઉદલપુર નજીક વાહનની ટક્કરે મોત થયું હતું.જ્યારે યુવતીની હાલત ગંભીર જણાતાં તેને સારવાર માટે સિવિલમાં ખસેડાઈ હતી. પોલીસે મૃતકના પરિવારનુ નિવેદન લઈ વિસનગર તાલુકા પોલીસને જાણ કરી હતી.

મહેસાણા તાલુકાના દેવરાસણ ગામના ૨૦ વર્ષિય સચિન વિષ્ણુભાઇ પટેલની મંગળવારે ઉર્વસી સાથે સગાઇ થઇ હતી. બુધવારે સવારે સચિન તેની મંગેતર સાથે ઘરેથી બાઇક પર ફરવા નીકળ્યા હતા. આશરે ૧૧.૪૦ વાગ્યે ઉદલપુર ગામની સીમમાં અજય કાસ્ટીંગ કોટન મીલ પાસે સામેથી પુરઝડપે આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટે લેતાં બંને જણ નીચે પટકાતાં ગંભીર ઈજા થતા સૌ પ્રથમ ઉદલપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ત્યાર બાદ મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જ્યાં સારવાર દરમિયાન સચિન પટેલનું મોત નીપજ્યું હતું. જ્યારે ઉર્વશીને વધુ સારવાર માટે લાયન્સ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.સિવિલ પોલીસે મૃતકના પરિવારનું નિવેદન લેવા સહિતની કાર્યવાહી વચ્ચે વિસનગર તાલુકા પોલીસને બનાવની જાણ કરી હતી.

સારવાર લઇ રહેલી ઉર્વસીનો હાજર તબીબને એક જ સવાલ હતો કે, સચિનની તબિયત સારી છે ને ? તેના શબ્દોમા કહીએ તો બાઇક પર તેઓ જઇ રહ્યા હતા ત્યારે એકાએક સામેથી આવેલા વાહનની ટક્કરે તેઓ જમીન પર પટકાતા બેભાન થઇ ગયા હતા.

# વર્ષમાં બે જ વાર જોવા મળે છે આ નજારો, સૂર્યમંદિર ગુલાબી કિરણોથી ઝળહળ્યું

મહેસાણા

મોઢેરાનું સુર્યમંદિર આજે બુધવારે ૨૧મી માર્ચે સૂર્યના ગુલાબી કિરણોથી ઝળહળી ઉઠ્યું હતું. આવી અદ્ભુત અને વિરલ ઘટના વર્ષમાં માત્ર ૨ જ વાર વર્ષમાં બને છે. તે પણ માત્ર ૨ દિવસ ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે જ. આ બંને દિવસે સૂર્ય મોઢેરા સૂર્યમંદિરની બરાબર મધ્યમાં ૯૦ ડિગ્રીએ ઉગે છે. આજે સવારે ૬:૫૧થી ૭:૧૨ મિનટ સુધી આ દિવ્ય નજારો જોવા મળ્યો હતો.

એવું માનવામાં આવે છે કે, મંદિરની મુખ્ય મૂર્તિ સોનાની હતી અને તેના ભાલ પ્રદેશમાં ત્રીજી આંખની પાસે વિશાળ હીરો હતો. સમ પ્રકાશીયના બે દિવસ ૨૧મી માર્ચ અને ૨૩ સેપ્ટેમ્બરના દિવસે સૂર્યના સોનેરી કિરણો સમગ્ર મંદિરને પ્રકાશિત કરે છે. પરંતુ કમનસીબે આજે અહીં સૂર્ય ભગવાનની મૂર્તિ નથી. એવું કહેવાય છે કે, મુસ્લિમ શાસકો મહંમદ ગજનબી અને અલાઉદ્દીન ખિલજીના સેનાપતિએ મંદિરનો ખજાનો લૂંટવા મંદિરનો વિધ્વંસ કર્યો હતો. આ સમયે સૂર્ય ભગવાનની મૂર્તિને બચાવવા સ્થાનિક લોકોએ ક્યાંક ઝુપાવી દીધી હતી. જોકે, હાલમાં તે ક્યાં છે તે કોઇ જાણતું નથી.

# રાધનપુર તાલુકાના જુના પોરાણા શાળાના ભુલકાંઓએ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવી

રાધનપુર



રાધનપુર તાલુકાના જુના પોરાણા ગામની પ્રાથમિક શાળાના ભૂલકાઓ ઈતર એક્ટિવિટીમાં હંમેશા અવ્વલ નંબરે રહ્યા છે.આ શાળાના ધો.૮ના ભુલકાઓને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય અંતર્ગત વિજ્ઞાન શિક્ષક રાધેશ્યામભાઇ સાધુએ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવી લાવવાનો પ્રોજેક્ટ તૈયાર કરવા આપ્યો હતો.જેમાં દરેક બાળક પોતાની સર્જનાત્મક શક્તિ પ્રમાણે નકામી થઇ ગયેલી વસ્તુઓમાંથી શાળામાં ઉપયોગી બને તેવી બેસ્ટ વસ્તુઓ બનાવી હતી,જેમાં કચરાપેટીઓ,પક્ષીઓને દાણા ચણવાના પાત્રો,ચકલીઘર,ચોક મુકવાની પેટી,પક્ષીને પાણી પીવાનું પાત્ર,પેપરબેગ,મીની કચરાપેટીઓ જેવી અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી હતી.જેમાં વિપુલ ઠાકોરે નકામી મોટર,બેટરી,પેન અને બોટલના ઢાંકણામાંથી ચકડોળ બનાવી હતી,જે સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.આમ દરેક બાળકે પ્રોજેક્ટ થકી પોતાની સર્જનાત્મકતા રજુ કરી હતી.શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફે બાળકોને બિરદાવ્યા હતા.

# આઈપીએલ ૨૦૧૮ ઉદ્ઘાટન સમારોહમાં છ સુકાની ભાગ લેશે નહીં

મુંબઇ

વર્ષ ૨૦૦૮થી શરૂ થયેલ આઇપીએલમાં પહેલીવાર છ ટીમોના સુકાની ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લઇ શકશે નહીં.તેનું કારણ ઉદ્ઘાટન સમારોહની તારીખ છે. ઉદ્ઘાટન કાર્યક્રમ ૭ એપ્રિલે મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં છે અને તે દિવસે પહેલી મેચ પણ રમાનાર છે આવામાં સુકાનીઓના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લઇ પોતાની મેચ રમવા માટે રાતે જ રવાના થવું મુશ્કેલ કામ છે. આઇપીએલનો ઉદ્ઘાટન સમારોહ પહેલા ૬ એપ્રિલે થનાર હતી પરંતુ બાદમાં તેની તારીખ બદલી સાત એપ્રિલ કરવામાં આવી હતી.

આ સમારોહમાં વિરાટ કોહલી, આરસીબી,સ્ટીવ સ્મિથ રાજસ્થાન રોયલ્સ, ગૌતમ ગંભીર દિલ્હી ડેયરડેવિલ્સ,રવિચંદ્રન અશ્વિન કિંગ્સ ઈલેવન પંજાબ, દિનેશ કાર્તિક કોલકતા નાઇટ રાઇડર્સ અને ડેવિડ વોર્નર સન રાઇજર્સ હૈદરાબાદના સુકાની હાજર રહેશે. નહીં.જો કે મહેન્દ્રસિંહ ધોની ચેન્નાઇ સુપર કિંગ્સ અને રોહિત શર્મા મુંબઇ ઇંડિયન આ પ્રસંગ પર હાજર રહેશે આ બંન્ને ટીમોની વચ્ચે આ મેદાન પર બાદમાં આઇપીએલનો પહેલો મુકાબલો રમાશે

# રાધનપુર-સાંતલપુર ઠાકોર સમાજના ૧૪ માં સમુહલગ્ન માટે ફાળો ઉઘરાવતા અગ્રણીઓ

રાધનપુર



કમલ ચક્રવર્તી

રાધનપુર-સાંતલપુર સમસ્ત ઠાકોર સમાજ અને ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા યોજાનાર ૧૪માં સમુહલગ્ન માટે સમાજના અગ્રણીઓ ફાળા માટે ગામડાં ખૂંદી રહ્યા છે.ગામે-ગામ જઈને સમાજના લોકો પાસેથી યથાશક્તિ ફાળો ઉઘરાવી રહ્યા છે.બુધવારે સમાજના અગ્રણીઓ પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી,જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ, જોરાજી ઠાકોર,ભીમજીભાઈ વાઘેલા, ખુમાજી ઠાકોર, અજમલજી ઠાકોર, સરદારજી ઠાકોર, બચુજી ઠાકોર, દેશળાજી ઠાકોર, મેવાજી ઠાકોર, મઘાજી ઠાકોર, સોમાજી ઠાકોર સહીત અગ્રણીઓએ ચલવાડા,પાણવી, ઠીકરીયા, ગાંજીસર, લોટીયા, મહેમદાવાદ સહીત ૧૦ ગામોનો પ્રવાસ કર્યો હતો,અને સમાજ દ્વારા હોંશે-હોંશે ફાળો નોંધાવવામાં આવ્યો હતો. મંગળવારે સમાજના અગ્રણી ઓએ ૧૫ ગામોનો પ્રવાસ કરીને રૂ.૧.૩૦ લાખનો ફાળો એકઠો કર્યો હોવાનું લવિંગજી સોલંકીએ જણાવ્યું હતું.

# પાટણમાં લૂંટના ગુન્હાનો આરોપી મોડાસાથી ઝડપાયો

પાટણ

પાટણ શહેરમાં બે વર્ષ પૂર્વે સોનાની ચેનની લુંટ થઈ હતી. જેમાં લુંટના ગુન્હાના અન્ય આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પરંતુ અન્ય એક આરોપી ઝડપવાનો બાકી હોઈ ગતરોજ મોડાસા ખાતેથી આર.આર. સેલની ટીમે ઝડપી લીધો હતો. આ ગુન્હાના અન્ય આર.આર. સેલ ગાંધીનગર ની ટીમના અ.પો. કો. ઈમરાનખાન નરામીયા અ.હે.કો કીશન સિંહ અને અ.પો. કોગીરીશભાઈની ટીમને બાતમી મળી હતી કે બે વર્ષ પૂર્વે પાટણ સીટી પોલીસ સ્ટેશને બી.ડી.વી ઝનમાં ચેન ચોરી નો ગુન્હો નોધાયો હતો.

આ ગુન્હાના અન્ય આરોપી ઝડપાઈ ગયા હતા. જેમાં એક આરોપી ઝડપવાનો બાકી જેની સાઈમંદીર પાસેથી પસાર થઈ તેના ઘર સર્વોદયનગર (ડુંગરી) તરફ જતો હોઈ આરોપી પ્રકાશ ઉર્ફે મુકુલ સવજી સલાટને ઝડપી લઈ પાટણ પોલીસ ના હવાલે કરેલ છે.

# ભાવ ન મળતાં ખેડૂતોએ માર્કેટયાર્ડમો મુખ્ય દરવાજો બંધ કરી દીધો

### પ્રવેશ દ્વાર બંધ કરતાં પોલીસનો બળપ્રયોગ

મોડાસા

સરકાર દ્વારા ટેકાના ભાવે નક્કી કરેલા ભાવ મામલે મોડાસા માર્કેટયાર્ડમાં ૫ દિવસમાં બીજા વાર ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો. જાહેર હરાજીમાં ઘઉંના ટેકાના ૩૪૭ કરતા ૩૧૦ થી ૩૨૦ સુધીનો ભાવ બોલાતા ખેડૂતો અને વેપારીઓ વચ્ચે બોલાચાલી બાદ ઘર્ષણ થયું હતું. બાદમાં મેનેજર ઘનશ્યામભાઈ દ્વારા ખેડૂતોને સજાવવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ખેડૂતોએ યાર્ડનો મુખ્ય પ્રવેશ દ્વાર બંધ કરી દેતા મામલો ગરમાયો હતો અને પોલીસને બોલાવતા પોલીસે બળપ્રયોગ કરી ૫ ખેડૂતોની અટકાયત કરી હતી.

ઘટનાની જાણ કરાતાં પ્રાંત અધિકારી ઈલાબેન આહીર માર્કેટયાર્ડ ખાતે આવી પહોચ્યા હતા અને માર્કેટયાર્ડ સત્તાવાળાઓ સાથે બેઠક કરી મામલો થાળે પાડયો હતો. બાદમાં ઘઉંની હરાજી શરૂ કરાઇ હતી. જ્યારે અટકાયત કરાયેલા ૫ ખેડૂતોને બાદમાં છોડી મુકાયા હતા.

અરવલ્લીમાં ખેડૂતોએ પકવેલા એક લાખ હેકટર જમીનમાંથી ઘઉંનો પાક માર્કેટયાર્ડમાં ખેડૂતો વેચવા આવી રહ્યા છે. મોડાસા માર્કેટયાર્ડમાં બુધવારે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટરો અને ખાનગી વાહનોમાં ઘઉં વેચવા માટે ઉમટી પડ્યા હતા. જોકે હરાજીમાં રૂ.૩૧૦ થી ૩૨૦ સુધીના ભાવો બોલાતા ખેડૂતો લાલઘૂમ થઇ ગયા હતા અને માગણી કરી કે સરકારે ટેકાના ૩૪૭ ભાવ નક્કી કર્યા છે. તે મુજબ હરાજી બોલવાની શરૂ કરાવો. પરંતુ વેપારીઓએ કાચામાલની કવૉલિટી મુજબ જાહેર હરાજીનો ભાવ નક્કી કરવાનું કહેતા વેપારીઓ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ ઉભુ થયું હતુ .

# હિંમતનગરના રૂપાલ પાસે ૫ વીધા ઘઉમાં આગ

હિંમતનગર



સતીશ ભટ્ટ

સાબરકાંઠા જીલ્લામાં ઉભા ઘઉમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે આજે જીલ્લામાં ત્રણ ગામડાઓમાં ઉભા પાકમાં વીજ તણખલાથી ઘઉના પાકમાં આગ લાગી હતી... હિંમતનગરના રૂપાલ પાસે ૫ વીધા ઘઉમાં આગ લાગી હતી તો હિંમતનગરના બોલચપુરમાં ત્રણ વીઘા ઘઉમાં વીજ તણખલાથી આગ લાગી હતી ત્યારે પ્રાંતિજના છાદરડા ગામે આજે વીજ તણખલાને લઈને ઘઉના પાકમાં આગ લાગી હતી અને અહિ ૧૦ વીઘાથી વધુ ઘઉ બળીને ખાખ થઈ ગયા હતા... એક બાજુ ખેડુતો ઘઉના યોગ્ય ભાવ મળતા નથી તો સામે ઘઉનો પાક વિધુત બોર્ડની બેદર-કારીને લઈને બળીને ખાખ થઈ રહ્યા છે... ખાસ કરીને તમામ જગ્યાએથી અનેકવાર યુજીવીસીએલમાં રજુઆતો કરવામાં આવેલ છે છતા પણ વિધુતબોર્ડ દ્વારા પગલા ભરાયા નથી અને જેને લઈને આ તમામ જગ્યાએ આગ લાગી છે અને ખેડુતોને લાખ્ખો રૂપિયાનુ નુકશાન થયુ છે.

# રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાજીને ગુલાબી શૃંગાર

રાધનપુર



રાધનપુર તાલુકાના દેવ ગામે ઐતિહાસિક એવા હિમજા માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રી પ્રસંગે દરરોજ અલગ-અલગ શૃંગાર કરીને હિમજા માતાજીની ભક્તિ-ભાવપૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવે છે. ગુરુવારે ચૈત્રી પૂનમ નિમિત્તે માતાજીને ગુલાબી શૃંગાર કરવામાં આવ્યો હતો.માતાજીને ગુલાબી ચૂંદડી,ગુલાબના ફૂલો તેમજ અન્ય ગુલાબી કલરના ફૂલો ચડાવીને વિશેષ પૂજા કરવામાં આવી હતી.આ પ્રસંગે ભાવિકોએ પણ પૂજા-અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી.